## પશુ ગોબર અને જૈવીક ઉર્જા ઉત્પાદનને આગળ ધપાવવા શ્રી સીઆર પાટીલની ઉપસ્થિતિમાં

# દિલ્હીમાં ડેરી સહકારી સંસ્થાઓનાં પ્રતિનિધિઓની બેઠક મળી

**સહકારી સંસ્થાઓનાં ૨૦ થી વધુ કોમ્પોઝ બાયોગેસ અને ૩૦ હજાર વ્યક્તિગત બાયોગેસની સ્થાપના માટે પોતાની પ્રતિબધ્ધતા બેઠકમાં જાહેર કરવામાં આવી**

**સહકારી ક્ષેત્ર દ્વારા આ પ્રોજેક્ટ માટે એક હજાર કરોડનું રોકાણ કરવામાં આવશે : અમર ડેરીનાં ચેરમેનશ્રી અશ્વિન સાવલીયા અને ડો. આર. એસ. પટેલની ઉપસ્થિતિ**





દિલ્હી,નવી દિલ્હી ખાતે ગુજરાતની મુખ્ય ડેરી સહકારી સંસ્થાઓનાં પ્રતિનિધિઓ સાથે મહત્વની બેઠક મળી હતી જેમાં અમર ડેરીનાં ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા અને એમ.ડી.ડો.આર.એસ.પટેલ, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી મનીષભાઈ શાહ, શ્રી શામળદાસ પટેલ, ડો.જે.એન.મહેતા સહિતની ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં ગોબર ધનની પહેલ અંતર્ગત પશુ ગોબર અને જૈવિક ખાતરથી ઉર્જા ઉત્પાદનને આગળ ધપાવવા મહત્વનાં પગલાઓ ઉપર વિસ્તાર પુર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સહકારી સંસ્થાઓનાં ૨૦ થી વધારે કોમ્પ્રેસ્ડ બ્લોગ અને ૩૦ હજાર વ્યક્તિગત બાયોગેસ સંયત્રોની સ્થાપના માટે પોતાની પ્રતિબધ્ધતા જાહેર કરી હતી. આ પહેલમાં સહકારી ક્ષેત્ર દ્વારા લગભગ એક હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે તેથી ઉર્જા આત્મનિર્ભરતા અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વનું પગલું ગણાશે. જૈવિકથી લીલી ઉર્જાનું ઉત્પાદન સાથે સાથે જૈવિક ખાદ્ય નિર્માણ ને પ્રોત્સાહન મળશે તેમજ કાર્બણ ઉત્સર્જરમાં ઘટાડો થશે અને સ્વચ્છતા વધશે. આર્થિક અને સામાજીક પ્રગતી સાથે નવા રોકાણ અને હજારો લોકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થશે. આ પહેલ દ્વારા કચરામાંથી સંપતીનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે અને ગોબરધન યોજનાની વાસ્તવિક ભાવનાને સાકાર કરે છે. આ પ્રયાસથી ફક્ત ગુજરાત જ નહીં હરીત ઉર્જામાં ગુજરાત અગ્રણી બનશે. આ સ્વચ્છ ભારત મીશનને મજબુત પ્રદાન કરશે જેનાથી આવનાર પેઢીઓને માટે સ્વચ્છ અને સમૃધ્ધ ભારતનું નિર્માણ થશે.

## આજે આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓ માટે બંધ રહેશે

અમરેલી,

આજે તા.૧૭/૦૧/૨૦૨૫ ને શુક્રવાર ના રોજ ધારી આંબરડી સફારી પાર્ક બપોરે ૩:૦૦થી સાંજે ૫:૦૦ કલાકના સમય દરમિયાન પ્રવાસીઓ માટે બંધ રહેશે. આ અંગેની વધુ વિગતો માટે નાયબ વન સંરક્ષકશ્રી, ગીર (પૂર્વ) વન કચેરી, ધારી, જિ.અમરેલીનો સંપર્ક ફોન નં. (૦૨૭૯૭) ૨૨૫૦૪૪ કરવો તેમ ધારી ગીર (પૂર્વ) વિભાગના નાયબ વન એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# અમરેલીનાં કેરીયાનાગસમાં વાડીનાં કુવામાં પડી જતા વૃધ્ધનું મોત નિપજ્યું

**અમરેલી ફાયર વિભાગ ટીમે દોડી જઇ મૃતદેહને કુવામાંથી બહાર કાઢ્યો**



કેરીયાનાગસ, (ભરત હરખાણી) અમરેલીનાં કેરીયાનાગસ ગામે વાડીનાં કુવામાં પડી જતા વૃધ્ધનું મોત થયું છે. આ અંગે અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસનાં કન્ટ્રોલ રૂમ ખાતે જાણ કરાતા ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૪૦ મિટીનટી જહેમત બાદ ભુપતભાઈ નાગજીભાઈ વીસલપરા ઉ.વ.૬૦નાં મૃતદેહને બહાર કાઢ્યો હતો. અને પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને પોલીસને સોંપ્યો હતો. આ કામગીરીમાં હિંમતભાઈ બાંભણિયા, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિતએ ફરજ બજાવી હતી.

# અમરેલી શહેર રાજ્યમાં સૌથી ટાઢુબોળ : તાપમાનનો પારો ૮. ૨ ડિગ્રી

**કાતિલ પવન સાથે મહત્તમ તાપમાન ૨૭ અને ન્યુનત્તમ ૮. ૨ નોંધાયું : શરદી, તાવ, ઉધરસનાં રોગમાં ઉછાળો**

અમરેલી, અમરેલી શહેર અને જીલ્લામાં એકાએક તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતરી જતા ગાત્રો થીજાવતી કાતીલ ઠંડીનો અનુભવ લોકોએ પ્રથમ વખત કર્યો હતો. ન્યુનતમ તાપમાનનો પારો પ્રથમ વખત ૮.૨ ડિગ્રીએ આવી જતા શહેર અને જીલ્લામાં ઠંડીનું પ્રમાણ વધ્યું હતું. ઠંડીના કારણે સાંજના સમયે શહેરની બજારો સુમસામ ભાસતી હતી. ઝુંપડપટી અને ખુલ્લામાં રહેતા લોકોએ ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લીધો હતો. જયારે બહાર નીકળતા લોકોએ ગરમ વસ્ત્રોનો હસહારો લીધો હતો. ઉંમરલાયક લોકોએ ઠંડીના કારણે બહાર નીકળવાનું ટાળ્યું હતું. જયારે આજે દિવસ દરમ્યાન ધુળની ડમરીઓ ઉડાડતો કાતીલ ઠંડો પવન ફુંકાયો હતો. શહેરમાં આજનું તાપમાનમાં મહતમ ૨૭ ,ન્યુનતમ ૮.૨, ભેજ ૭૩ ટકા અને પવન ૫.૧ રહયો હતો. ભારે ઠંડીના કારણે શહેરમાં શરદી, તાવ અને ઉધરસ જેવો રોગચાળો લોકોમાં જોવા મળી રહયો છે.

# રાજુલા જાફરાબાદ માટે ૧૧ કરોડના ખર્ચે નવા ત્રણ મંજૂર કરવામાં આવ્યા

**અવાર નવાર રજૂઆત બાદ મળી સફળતા**

રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા જાફરાબાદ વિસ્તારના વિવિધ ત્રણ રસ્તાઓ માટે ગુજરાત સરકારમાં રજુઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને ત્રણ રસ્તાઓ મંજૂર કરવામાં આવતા આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ રાજુલા જાફરાબાદ વિસ્તારના ત્રણ રસ્તાઓ જેમાં પટવા ડોળિયા પાંચ કિમીના રસ્તાને કરોડના ખર્ચે ભાક્ષી ૧ થી ભાક્ષિ ૩ માર્ગને ૨.૫૦ કરોડ નાં ખર્ચે અને ચિત્રાસર કડિયાળી રોડ ને ૫ કરોડના ખર્ચે મંજૂરી મળતા કુલ ૧૧ કરોડના ખર્ચે ત્રણ રસ્તાઓ મંજૂર થયા હતા. રાજુલા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી બંને માર્કેટ યાર્ડ પ્રમુખો જીગ્નેશભાઈ પટેલ ચેતનભાઈ શિયાળ તથા ભાજપ અગ્રણીએ શ્રી રવુભાઈ ખુમાણ તાલુકા પંચાયત પ્રમુખો બાલાભાઈ કોટડીયા છાયાબેન પુરોહિત જિલ્લા પંચાયત સદસ્યો કરશનભાઈ ભીલ વિક્રમભાઈ શિયાળ સહિતના આગેવાનોએ રજૂઆત કરતા ગુજરાત સરકાર દ્વારા મંજૂરીની મહોર મારવામાંઆવી હતી.

# પુર્વ સાંસદશ્રી વિરજીભાઇ ઠુંમરે સાંસદ શ્રી સુતરીયા અને ધારાસભ્યોને પત્રો પાઠવ્યાં

**પોલીસ કાર્યવાહી માટે પદાધિકારીઓનાં અભિપ્રાય જાહેર કરવા અનુરોધ**

અમરેલી,

અમરેલીનાં લેટરકાંડની આરોપી અને પાટીદાર સમાજની દિકરી પાયલ ગોટીને અન્યાય થવા અંગે સાંસદ શ્રી તથા જીલ્લાનાં શ્રી કૌશિક વેકરીયા સિવાયનાં ચારેય ધારાસભ્યોને પત્ર પાઠવી પોતાનો અભિપ્રાય માંગ્યો છે અને તેમને જાહેર કરવા અનુરોધ કર્યો છે.

**રાંદલ મંદિરનાં મહંતશ્રીની છઠી પુણ્યતિથિ નિમિતે**

# રાંદલનાં દડવામાં આજે સંતવાણી-લોકડાયરો

**સુપ્રસિધ્ધ ભજનીકો, રાજભા ગઢવી, દલસુખ પ્રજાપતી, જયદીપભાઇ સોની, શ્રવણદાસબાપુ અને ગુલાબગીરીબાપુ સહિત કલાકારો જમાવટ કરશે**





અમરેલી, કુકાવાવ તાલુકામાં રાંદલ માતાજી તરીકે સુવિખ્યાત થયેલા દડવા ગામે માતાજી મંદિર ના મહંત ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિતે આજે તા ૧૭/૧/૨૫ ના રોજ વિવિધ ધાર્મિક કાર્યકર્મોનું આયોજન થયુંછે. કૈલાસવાસી મહંત શ્રીબળવંતપ્રગટબાપુને છઠ્ઠી પુણ્યતિથિ નિમિતે શ્રધાંજલિ અર્પવા માટે મહંત હરેશપ્રગટ દ્વારા આજે તા.૧૭ના બપોરે આનંદ નો ગરબો, સાંજે દર્શન મહાપ્રસાદ, રાત્રે ભવ્ય સંતવાણીમાં રાજભા ગઢવી, દલસુખ પ્રજાપતી, જયદીપભાઈ સોની તથા શ્રવણદાસબાપુ અને ગુલાબગીરીજી સંતવાણી પિરશસે. સૌ કોઈ સેવક ભક્તિ ભજન પ્રેમીજનોને પધારવા મહંત રમેશપ્રગટ સમજુપ્રગટ, મહંત શ્રીહરેશપ્રગટ બળવંત પ્રગટ બાપુ દ્વારા જાહેર આમંત્રણ અપાયુછે.

# બાબરાનાં ધારાસભ્યશ્રી જનક તળાવીયાએ ગૌમાતા પોષણ યોજનામાં સબસીડી વધારવા માંગણી કરાઇ

**હાલ રૂા. ૩૦ને બદલે રૂા. ૧૦૦ ચુકવવા સબંધીતોને રજુઆત**



અમરેલી, લાઠી બાબરા ના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ રાજયના ગૌવપ્રેમી મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પશુ પાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવી ગૌમાતા પોષણ યોજના હેઠળ રાજ્યના તમામ પાંજરાપોળ અને ગૌશાળા મા પ્રત્યેક પશુ દીઠ દૈનિક ૩૦ રૂપિયા સબસિડી આપવામાં આવે છે તે ૧૦૦ દૈનિક સબસિડી આપવામાં આવે તેવી માંગ ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયાએ મુખ્યમંત્રીશ્રી અને પશુપાલન મંત્રી ને રજૂઆત કરી હતી.

## છેલ્લા પાનાનું પાલિકામાં ભ્રષ્ટાચાર



ગયેલ બાબરાની જનતા હવે આર્તનાદ કરી રહી છે કે અમારા ધારાસભ્ય હવે તો જાગો કારણ કે, બાબરા પાલિકામાં ભયંકર ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો હોય અને તેના કારણે શહેરની હાલત બદતર બની હોવાનું બાબરામાં ચોરે અને ચોટે બોલાઈ રહ્યુંછે. બાબરામાં આક્રોશભેર ચાલી રહેલી ચર્ચા અનુસાર પોસ્ટ ઓફિસ પાસે સાજા પુલ તોડી નવા પુલ બનાવાયો છે શા માટે ? ગામનાં રસ્તાનાં કાઢવામાં આવેલા બ્લોક બીજી જગ્યાએ વાપરવાનાં બદલે તે નગરપાલિકાનાં હોદ્દેદારોની વાડી-ખેતરોમાં પહોંચ્યાં છે અને સભ્યોનાં ઘર પાસે ઝળહળતી લાઈટો સામે ગામમાં અનેક જગ્યાએ અંધારા છે. સૌથી મોટી કઠણાઈ એ છે કે, બાબરા શહેરની નાકા-ગલીમાં ગંદકીનાં ગંજ ખડકાયા છે. સોશ્યલ મિડીયામાં તેની ભારે ટીકા ચાલી રહે છે. બાબરા નગરપાલિકામાં સફાઈ ન થઈ હોય છતા તેના બીલ ચુકવનાર સ્ટાફ, અધિકારી અને પદાધિકારી સામે રિકવરીની માંગ જનતા કરી રહીછે. નગરપાલિકાનો વહીવટ એટલી હદે અણઘડ છે કે, બાબરા નગરપાલિકા આપનું સ્વાગત કરે છે તેવું બોર્ડ ગામની એન્ટ્રી પાસે લાગવું જોઈએ તેને બદલે તે બોર્ડ સાવ વિચિત્ર જગ્યાએ લગાડી દેવામાં આવ્યું છે તેવી પણ લાગણી બાબરામાં પ્રવર્તી રહી છે.

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં ૨૦૦થી વધુ વાહનોને રેડિયમ રિફ્લેક્ટર લગાવાયા

**૧૦૮ની ટીમ દ્વારા સીપીઆર ડેમોસ્ટ્રેશન સાથે આરટીઓ દ્વારા રિફ્લેક્ટરની સેવા**



અમરેલી, અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ માર્કેટયાર્ડમાં સતત ત્રીજા વર્ષે રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ-૨૦૨૫ અંતર્ગત માનનિય રોડ સેફટી કમિશ્નર તેમજ કલેકટર માર્ગદર્શન હેઠળ એ.આર.ટી.ઓ. અમરેલી તેમજ ૧૦૮ ટીમ અમરેલી વિભાગ દ્વારા સંસ્થામાં રોડ સેફટી અવેરનેસ અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લા આર.ટી.ઓ. ઓફીસર શ્રી પઢીયાર તથા તેમની ટીમ દ્વારા ખેડુતભાઈઓને તથા વાહનધારકો ને વાહન અકસ્માત નિવારવા રોડ સેફટી અંગે ખૂબ જ સરસ માર્ગદર્શન પૂરૂ પાડેલ તથા યાર્ડમાં આવેલ ૨૦૦ કરતા વધારે વાહનોમાં વિનામુલ્યે રેડીયમ પટ્ટીઓ લગાવી આપેલ તથા વાહન ચલાવતી વખતે સીટબેલ્ટ બાંધવા, હેલ્મેટ પહેરવા, મોબાઈલનો ઉપયોગ ન કરવા, રોંગ સાઈડ ડ્રાઈવીંગ ના કરવા, ઓવરસ્પીડીંગ ન કરવા તથા ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરી સહયોગ આપવા તેમજ આ સંદેશો આપના પરિવારને પણ પહોંચાડવા અનુરોધ કરેલ તથા રેડીયમ પટીઓ ફરજિયાતપણે ટ્રેક્ટર ટ્રોલી, સનેડા, છકડામાં લગાવવા કડક સુચના આપી હતી. રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ - ૨૦૨૫ કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ આપેલ તેમ બજાર સમિતિને સેક્રેટરીશ્રી તુષાર હપાણીએ એક અખબાર યાદીમાં જણાવ્યું હતું.

**બંગલા ટાઇપ મકાન વેચવાનું છે**

બ્લોક નં.૮૧, શેરી નં.૨, ઓમનગર, ચિતલ રોડ, અમરેલી
ફુલ ફર્નિષ્ડ મારબલ ફલોરીંગ સાથે
તમામ સુવિધાઓ ધરાવતુ
બંગલા ટાઇપ મકાન કસમાં વેચવાનું છે
-:: સંપર્ક ::-
એસ.આર.કુબાવત (રીટાયર્ડ મામલતદાર)
મો.૯૯૭૯૫ ૫૮૫૮૫

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**જાનવી મોબાઇલ એન્ડ કવર હાઉસ**

■ લેડીઝ સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટર જાણકારની પહેલી પસંદગી
લાયકાત મુજબ પગાર આપવામાં આવશે
૧૪૯/- રૂા.ની ખરીદી ઉપર સાત વસ્તુ ફ્રી આપવામાં આવશે
૫૦૦/- રૂા.ની ખરીદી ઉપર થરમોસ સાથે
બે કપ ફ્રી આપવામાં આવશે
વિજયચોક બગસરા, મો.૯૧૦૪૪ ૦૨૬૪૩

**સ્પેશિયલ મંદિર માટે**

મોરની સાઉન્ડ સિસ્ટમ
આરતી સમયે વગાડવા માટે શંખ,
ઝાલર, નગારાની સાઉન્ડ સિસ્ટમ
તેમજ મંત્ર જાપની સિસ્ટમ માટે
સ્વામિ ઇલેક્ટ્રોનિક
પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે, પટેલ ટાયરની પાસે, સ્ટેશન રોડ, અમરેલી મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

(૧) કોમર્સિયલ ટર્બો તેમજ દરેક ડીજલ કારના ટર્બો રિપેરીંગ
(૨) ઓટોમેટિક ફોલ્ડ મિરર તેમજ પાવર વિન્ડો સ્વિચ રિપેરીંગ
(૩) હેડલાઇટ રીપેરીંગ તેમજ રીસ્ટોર
સ્ટેશન રોડ, પાણી પુરવઠા બોર્ડ સામે, ભક્તિ કુટિર કોમ્પલેક્ષ, દુકાન નં.૧, અમરેલી
મો.૭૦૬૯૬ ૩૦૬૪૦

**ભાડેથી / વેચાણથી આપવાનું છે**

અમરેલી નગરપાલિકાની હદમાં આવેલ
ફાર્મહાઉસ જેમાં ૨ રૂમ,
સ્ટોરરૂમ - ૭૦ ફુટ શેડ - બોર
તેમજ ખેતીલાયક જમીન સાથે તબેલા માટે
અનુકુળ ભાડેથી કે વેચાણથી આપવાનું છે
-:: સંપર્ક ::-
મો.૭૦૧૬૩ ૫૫૪૭૪, ૯૭૨૩૫ ૭૫૮૦૦

**શક્તિવર્ધક આયુર્વેદિક ''ટ્રીટ'' કેપસુલ**

ડોક, ખંભા, પીઠ, કમર, ગોઠણના દુ:ખાવાને દુર કરવાનો સરળ અને સચોટ ઉપાય એટલે... શક્તિવર્ધક આયુર્વેદિક ''ટ્રીટ'' કેપસુલનું નિયમીત સેવન
ટ્રીટ છે શુધ્ધ સ્ટોરોઇડથી મુક્ત
એકમાસનો ખર્ચ ફક્ત રૂા.૪૦૦/- (૬૦ કેપસુલ)
ટ્રીટ ઘરે બેઠા મેળવવા માટે : ૯૪ ૮૪ ૫૫ ૪૦૪૦

### બાર જેટલા તબીબોની ટીમ, લેબોરેટરી, એક્સ-રે અને મેડીકલ સ્ટોરમાં રાહતદરે સેવા : પ્રારંભનાં બે થી ત્રણ માસ વિનામુલ્યે ઓપીડી બાદ

# અમરેલી ધર્મજીવન હોસ્પિટલમાં ૩૦ રૂપિયામાં નિદાન થશે

### નહીં નફો નહીં નુકશાનનાં ધોરણે સેવા : પુજ્ય કૃષ્ણચરણદાસ સ્વામી, પુજ્ય શ્રવણપ્રીય સ્વામી, શ્રી રાકેશભાઇ દુધાત અને શ્રી ડો. ચિરાગ જોષીએ પત્રકારોને વિગતો આપી

### ૧૯મીએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ અને કેબીનેટ મંત્રીશ્રી માંડવીયા, શ્રી રૂપાલા, શ્રી સંઘાણી, શ્રી વેકરીયા, શ્રી પાનસેરીયા સહિતની ઉપસ્થિતિ








અમરેલી,

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થા આઝાદીના ઉષા કાળથી એટલે ૧૯૪૮થી ભારત દેશમાં શૈક્ષણિક, સમાજિક અને સ્વાસ્થ્ય સમાજ સેવાના ક્ષેત્રે છેલ્લા ૭૭ વર્ષથી કાર્યરત છે. અત્યારે ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓને નજીવા લવાજમથી સંસ્કાર અને કેળવણી યુક્ત શિક્ષણ સાથે વિદ્યા સદ્વિદ્યા અને બ્રહ્મવિદ્યા પ્રદાન કરવાનું અદ્‌ભુત કાર્ય કરી રહી છે. ગુરુકુળ સંસ્થા દરિદ્રી નારાયણની સેવા, કુદરતી આફતો, હોનારતો, સામાજિક મુશ્કેલીઓમાં દેશના નાગરિકો સાથે ખંભાથી ખંભો મેળવી હંમેશા ઉભી રહી આ સિવાય દર વર્ષે અઢીથી ત્રણ લાખ જેટલા દર્દીઓની સારવાર, અનેક રોગોના સારવાર અને ઓપરેશન ફ્રી કેમ્પો દ્વારા સેંકડો લોકોના સ્વાસ્થ્યનો વિશ્વસનીય સહારો બનીને ઊભી રહી છે.

૬૦ શાખાઓ, ૩૦૦ જેટલા સંપૂર્ણ જીવન સમર્પિત સંતો હજારો અનુયાયીઓ સાથે મળી ૧૫૦ થી અધિક નાની મોટી સેવાકીય સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા ભારતીય મૂલ્યો, અધ્યાત્મના મૂલ્યો અને સામાજિક મૂલ્યો દ્વારા માનવતાની સેવા સાથે લાખો ગરીબ અને અભાવગ્રસ્ત પરિવારનો આધાર બની ભારત વર્ષની સેવા કરે છે. ત્યારે આ સેવા યજ્ઞમાં ગુરુકુળ સંસ્થાએ જોયું કે અમરેલી જિલ્લાના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સંભાળની પૂર્ણ સુવિધાના અભાવને કારણે ગ્રામ્ય વિસ્તારના લોકો અને તેમાં પણ વૃદ્ધો, ગર્ભવતી તથા ગંભીર રોગથી પીડાતા દર્દીઓને રાજકોટ અમદાવાદ જેવા શહેરમાં સારવાર લેવા જવું પડે છે તે ઘણું કષ્ટદાયી અને આર્થિક રીતે પણ ભારણરૂપ નીવડે છે. આથી અહીં એક અદ્યતન સુવિધાઓ સાથે રાહત દરે ગુણવત્તા સભર આરોગ્ય સુવિધા મળી રહે તેવા હેતુથી અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં ૧૦૦ બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ બનાવી જે અનેક પરિવારોને આર્થિક અને શારીરિક સ્વાસ્થ્ય ક્ષેત્રે લાભદાય થશે એવા શુદ્ધ હેતુથી નિર્માણ કરવામાં આવ્યું.

શિક્ષાપત્રીના 'પ્રવર્તનીયા સદ્વિદ્યા' સંદેશને કરી ગુરુકુળ સંસ્થા દ્વારા શિક્ષણ સાથે સંસ્કારનું અદ્‌ભુત કાર્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ કર્યું. તેની સાથે શિક્ષાપત્રીની (શ્લોક ૧૩૯) આજ્ઞા 'રોગાર્તસ્ય મનુષ્યસ્ય સેવા કાર્યા યથાવિધિ અનુસાર ગુરુદેવે વર્ષ ૧૯૬૮માં એક નાના ચિકિત્યાલયની શરૂઆત સાથે અનેક નેત્રયજ્ઞો, દંતયજ્ઞો, સર્વરોગ નિદાન કેમ્પો કરી અનેક રોગાતુરની સેવા કરી.

ગુરદેવની એ સેવાયગ્નની પરંપરામાં ગુરુવર્યશ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી દ્વારા રાજકોટમાં વર્ષ ૧૯૯૧ થી ક્રમશઃ પેથોલોજી, રેડીઓલોજી, આંખ અને દાંત આદિ વિભાગો અત્યાધુનિક સાધનો સાથે ડોક્ટરશ્રીઓ દ્વારા સેવારત છે. સંસ્થાના રોગાત સેવાના આ અનુભવ અને પૂજ્યપાદ ગુરુમહારાજના આશીર્વાદ સાથે પરમ પૂજ્ય મહંત સ્વામીશ્રી દેવપ્રસાદદાસજી સ્વામીના સંકલ્પથી ગુરુકુલ સંસ્થાના આદ્ય સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી જન્મસ્થાન તરવડાના અમરેલી જિલ્લા શહેરના જેશીંગપરા વિસ્તારમાં ગુરુદેવના નામે 'ધર્મજીવન હોસ્પિટલ' નવ નિર્માણ પામી છે. અમરેલી ગ્રામ્ય વિસ્તારના રોગાતુર મનુષ્યની સેવા સાથે સારવાર અને સ્વાસ્થ્યનો એક વિશ્વસનીય સહારો બની શકે તેવી અદ્યતન સુવિધાઓ સાથે ૧૦૦ બેડની આ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનું મંગલ ઉદ્ઘાટન તારીખ ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સવારે ૧૦ પરમ પૂજ્ય મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી અને અનેક સંતોની પવન ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્યના ગવર્નર શ્રી આચાર્ય દેવવ્રત તથા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે થશે.

આ લોકાર્પણના શુભ પ્રસંગમાં કેબિનેટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા તથા બીજા રાજયના અન્ય મંત્રીશ્રીઓ અને રાજકીય મહાનુભાવો, સમાજશ્રેષ્ઠીઓ હશે ત્યારે આપ સર્વે આ શુભારંભ પ્રસંગે હાજરી આપી અનેક લોકોના સ્વાસ્થ્ય અને આરોગ્યની શુભકામના સહ પ્રાર્થનાના સહભાગી બનશો તેમ પુજ્ય કૃષ્ણચરણ સ્વામીએ જણાવી પત્રકારોને વિગત આપતા જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં પ્રારંભીક બે થી ત્રણ માસ સુધી વિનામુલ્યે નિદાન કરાશે. ત્યાર બાદ માત્ર ૩૦ રૂપિયા ફી રાખવામાં આવી છે. આ ઉપરાંત લેબોરેટરી, એક્સ-રે સહિત નિદાન માટેની ફી ૫૦ ટકા જેવી નિયત કરાઈ છે અને મેડીકલ સ્ટોરમાં પણ અહીં આવનાર દર્દી અને બહારથી આવનાર દર્દીનારાયણ માટે રાહતદરે દવાઓ આપવામાં આવશે.

હોસ્પિટલનાં નિર્માણ કાર્યમાં દાતા એવા શ્રી રાકેશભાઈ એચ.દુધાતે જણાવ્યું હતું કે, અહીં હોસ્પિટલ પુજય ધર્મજીવનદાસજીની જન્મભુમિ હોવાનાં કારણે શરૂ કરવામાં આવી રહી છે. હાલમાં રાજકોટમાં એક હોસ્પિટલ ચાલે છે અને આરોગ્ય સેવાનાં અભાવે મોટા શહેરોમાં લોકો જતા હોય છે પરંતુ આ સારવાર હવે અહીં મળી રહેશે. જ્યારે હોસ્પિટલનાં સેન્ટ્રલ હેડ ડો.ચિરાગ જોષીએ જણાવ્યું હતું કે, નેફ્રોલોજી, યુરોલોજી, ઓન્કોલોજી સહિતની આધુનિક સુવિધાઓ અહીં ઉપલબ્ધ થશે અને ડોક્ટરોની ટીમ ૨૪ કલાક સેવા આપશે. હોસ્પિટલનું સંચાલન સીએ એવા સંત પુજ્ય શ્રવણપ્રીય સ્વામી સંભાળશે.

શ્રી પોપટભાઈ બી.રાદડીયા, શ્રી ધીરૂભાઈ જે.બાબરીયા અને શ્રી રાકેશભાઇ એચ.દુધાતનાં મુખ્ય સેવા સહયોગથી આકાર લઈ ચુકેલ ધર્મજીવન હોસ્પિટલમાં જનરલ મેડીસીન, ગાયનેક, જનરલ સર્જરી, પીડીયાટ્રીક, ઓર્થોપેડીક, ડેન્ટલ, એક્સ-રે, સોનોગ્રાફી, લેબોરેટરી, મેડીકલ સ્ટોર ઉપરાંત ૨૪ કલાક ઈમરજન્સી સારવાર, ૨૦+આઈસીયુ બેડ, ૫ ઓપરેશન થીયેટર (ક્લાસ ૧૦૦), નવજાત શીશુને પેટીમાં રાખવા એનઆઈસીયુ, મેડીક્લેઈમ કેશલેશ અને રીએમ્બર્સની સુવિધા પણ ઉપલબ્ધ છે. જ્યારે ડાયાલીસીસ, સીટીસ્કેન અને પીએમજેવાય યોજના ટુંક સમયમાં શરૂ થશે.

હોસ્પિટલનો શુભારંભ પ્રસંગ માટે સ્વામીનારાયણનાં સંતો. સ્વયં સેવકો, તરવડા ગુરૂકુળનાં વિદ્યાર્થીઓ સહિત દ્વારા તડામાર તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે.

---

### ગુજરાતના ૭.૫ લાખ જેટલા મુસાફરો કરી રહ્યા છે, GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ

# જીએસઆરટીસી લાઈવ ટ્રેકિંગ મોબાઇલ એપ્લિકેશન દ્વારા મુસાફરો માટે બસનું લાઈવ ટ્રેકિંગ બન્યું વધુ સરળ

### ગુજરાત એસટીની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત



અમરેલી, (જિલ્લા માહિતી બ્યુરો)

મુસાફરોને એક રાજ્ય માંથી બીજા રાજયમાં, એક જિલ્લા માંથી બીજા જિલ્લામાં તેમજ પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવા ગુજરાત એસ.ટીની બસો કાર્યરત છે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત એસ.ટી નિગમમાં અનેક આમૂલ પરિવર્તન કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'જીઈ્ભ લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન' મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું વધુ સરળ બન્યું છે, આજે ગુજરાતની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે, જેનો ગુજરાતના ૭.૫ લાખ કરતા વધુ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. **GSRTC** લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા **PNR No.** ની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. એપ્લિકેશનમાં મુસાફરે બેસવા અને ઉતારવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલા મુસાફરી કરતા હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકે છે. આ એપ્લિકેશન મારફતે મુસાફરો બસનું લાઈવ લોકેશન જાણી બસ સ્ટેશન પર પહોચવાનું યોગ્ય આયોજન કરી પોતાના સમયની બચત પણ કરી શકે છે. બસોમાં મુસાફરી કરતા મુસાફરોને બસનું લાઈવ લોકેશન મળી રહે તેમજ પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, **GSRTC** દ્વારા **GSRTC Live Tracking Android** અને **iOS** મોબાઈલ એપ્લિકેશન મુસાફરોની સેવામાં કાર્યરત છે, જેમાં ૭.૧૯ લાખ મુસાફરો **GSRTC Live Android Application** તેમજ ૪૧ હજારથી વધુ મુસાફરો દ્વારા **GSRTC Live iOS Application**નો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે. તેમ પ્રિન્સ ચાવલાએ જણાવ્યું છે.

---

### લેટરકાંડનું પ્રકરણ સતત ગાજવાનું કારણ શું ? : અનેક ચર્ચાઓ વચ્ચે

# લેટરકાંડની તપાસ માટે ગમે ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ સાથે શ્રી નિર્લિપ્ત રાય આવી પહોંચશે

### શ્રી નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા એકત્ર કરાતા લેટરકાંડ માટેનાં પુરાવાઓ : લેટરકાંડમાં પોલીસ કાર્યવાહીનાં ૧૫ દિવસ પછી પણ સેવાભાવીઓ મેદાનમાં આવી રહ્યાં છે

અમરેલી,

દેશવ્યાપી મુદ્દાઓ અને ઘટનાઓ બે, પાંચ, દસ દિવસમાં ટાઢી પડી જતી હોય છે પરંતુ અમરેલીનું લેટરકાંડનું પ્રકરણ સતત ગાજવાનું કારણ શું તેની અનેક ગરમા ગરમ ચર્ચાઓ વચ્ચે લેટરકાંડની તપાસ માટે ગમે ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ સાથે શ્રી નિર્લિપ્ત રાય આવી પહોંચશે તેમ જાણવા મળેલ છે.


જાણવા મળતી માહિતી અનુસાર શ્રી નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા લેટરકાંડ માટેનાં પુરાવાઓ એકત્ર કરાઈ રહ્યાં છે અને લેટરકાંડ સબંધીત તમામ માહિતીઓ મંગાવાઈ હોવાનું જાણવા મળેલ છે. અને નવાઈની બાબત છે કે, જ્યારે પાયલ ગોટીની અન્ય આરોપીઓ સાથે ધરપકડ થઈ અને બે ચાર દિવસમાં તેને મધરાત્રે લઈ જવાયાનું અને માર માર્યાનું અને ત્યાર બાદ તે જામીન ઉપર છુટી ગયા પછી હવે ૧૫-૧૫ દિવસે ન્યાય માગવા માટે લોકો નવા નવા કાર્યક્રમો કરી રહ્યાં છે જે ચર્ચાને પાત્ર બન્યાં છે.

---

### વિકાસની હરણફાળ ભરતા ભારતના યુવાનોની શક્તિને પીછાણતું યુ. એસ. એ

# અમરેલીનાં હર્ષ સંઘાણીને યુનાઈટેડ નેશન્સનું તેડું : ૫ ફેબ્રુઆરીએ કાર્યક્રમમાં હાજરી આપશે

### અગાઉ ગુજરાત વિધાનસભામાં યુવા એસેમ્બલીમાં ભાગ લીધેલ : અમરેલી-અમદાવાદ-ગાંધીનગરનું ગૌરવ હર્ષ સંઘાણી




અમરેલી,

યુવાનો જે ક્ષેત્રમા હોય તે ક્ષેત્રની કઈંક વિશિષ્ટ કામગીરી અને લોકોને જોવા-જાણવા મળતો હોય છે. યુવાનો પણ આ બાબતે સજાગ બનીને જે તે ક્ષેત્રના વિકાસ માટે પ્રવૃત રહેતા હોય છે જેમાથી તેમની શક્તિ નીખરતી છે તેનો અહેસાસ સમય આવ્યે સમાજ, રાજય, દેશ-વિદેશને લાભકારક નિવડતો હોય છે.

વાત છે અમરેલીના યુવા પ્રતિભાની કે, જેમણે રાજકીય ભૂમિકામાં ગુજરાત વિધાનસભામા યુવા ભાગ લઈ શ્રેષ્ઠતા પુરવાર કરનાર હર્ષ મુકેશભાઈ સંઘાણી આ પહેલા પણ સ્ટેટ લેવલ પર, રાષ્ટ્રીય સ્તર હોય કે આંતરરાષ્ટ્રીય સ્તર પરની વિવિધ સ્પર્ધાઓ કે પર તેઓ તેમની નેતૃત્વ શક્તિનો પરિચય આપી ચુકેલ છે આ માન્ય અને પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં ભારતના યુવા પ્રતિનિધિ તરીકે પસંદગી થવી તે તેમની અદભુત નેતૃત્વ અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના અનુભવોના કારણે શક્ય બન્યુ છે. તેમણે તેમના ફાઉન્ડેશન મારફતે નવીનતમ અને રાષ્ટ્ર-દેશ હિત સાથે વૈશ્વિક વિષયો પરના ઘણા બધા પ્રોજેકટમાં યુવાનોને વિકાસ માટે જોડયા છે અને વૈશ્વિક સ્તરે અમરેલી-ગુજરાત-ભારતનું નામ રોશન કર્યુ છે તેમ યાદીમાં જણાવાયેલ છે.

---

### -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર શ્રી ઉમ્મીદ આઇ.બ્લોચ (એડવોકેટ) રહે. ધારી, તા.ધારી, જી.અમરેલી ના જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે બોરડી, તા.ધારી, જી.અમરેલી, રાજ્ય ગુજરાત એ ગામની ખેતીની જમીન ખાતા નં.૧૩૭, સર્વે નં. ૧૭૭ પૈકી ૧, હે.આરે.ચો.મી. ૨-૯૪-૪૧ વાળી જમીનનાં માલીક રાજબાઇબેન આપાભાઇ દાંતી વિગેરે પાસેથી અમારા અસીલ ઇલાબેન મગનલાલ બેરા, રહે. અખિલ, દ્વારકાધીશ સોસાયટી, શેરી નં.૨, ગોકુલધામ સોસાયટી પાછળ, મવડી, રાજકોટ - ૩૬૦૦૦૪ વાળા સદરહુ જમીન પૈકી હે.આરે.ચો.મી. ૧-૨૧-૪૩ વાળી જમીન ખરીદવા માંગે છે. આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને તથા લાગતા વળગતા સર્વોને જણાવવાનું કે સદરહુ ખેતીની જમીન બાબતમાં હરકોઇનો કશો લાગ-ભાગ, હક્ક, હિત કે હિસ્સો હોય અગર તો કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર કે કોઇપણ પ્રકારનું સરકારી, સહકારી બેંક, મંડળીનું કે અન્ય ખાનગી વ્યક્તિનું કોઇપણ લ્હેણુ બાકી હોય તો અગર અન્ય બીજા કોઇ માલીકી હક્ક દાવા ગણોત હક્ક હોય તો તે અંગેના જરૂરી તમામ દસ્તાવેજ આધાર પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન - ૭ માં નીચે લખેલ સરનામે લેખીતમાં રજીસ્ટર એ.ડી. પોસ્ટથી મોકલાવવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર થશે તો કોઇના કોઇપણ પ્રકારના વાંધા નથી અને અથવા આવા હક્કો હોય તો તે જતા કર્યા છે એટલે કે વેવ કરેલ છે તેમ ગણી મુદત વિત્યે અમારા અસીલ ઉપરોક્ત વિગતોની ખેતીની જમીન ખરીદ કરવા સોદો ચોક્કસ કરી અને તેનો કાયદેસરનો પાકો અઘાટ વેચાણ દસ્તાવેજ કરાવી લઇ નોંધાવરાવી લેશે તેની સ્પષ્ટ નોંધ લેવા વિનંતી છે. મુદત બાદ આવેલ કોઇપણ વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી જાહેર લાગતા વળગતા સર્વોએ નોંધ લેવા વિનંતી છે.

સ્થળ : ધારી
તારીખ : ૧૬-૦૧-૨૦૨૫

અસીલની સુચનાથી
ઉમ્મીદ આઇ.બ્લોચ (એડવોકેટ)
ઠે.એસટી ડેપો સામે, મુ.ધારી, જી.અમરેલી મો.૮૪૬૦૧ ૫૨૭૨૪

---

### ભાડાના મકાન માટેની જાહેરાત

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું.ગુ.રા.ગાંધીનગર સંચાલિત અમરેલી જીલ્લામાં આવેલી સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) રાજુલા માટે રાજુલા શહેરમાં કુલ માન્ય સંખ્યા-૫૦ છાત્રાઓને રહેવા-જમવાની પુરતી સુવિધાવાળું શૈક્ષણિક કન્યા છાત્રાલય લાયક સારા વિસ્તારમાં શાળા-કોલેજથી નજીકનાં અંતરવાળું સારી સુવિધાવાળા ભાડાના મકાનની જરૂરિયાત હોય જેમાં અંદાજીત ૫૦ કન્યાઓનાં નિવાસ માટેનાં રૂમો માટે ઓછામાં ઓછું 2000 ચો.ફૂટ બાંધકામ વાળું મકાન તેમજ રસોડું, ભોજનાલય, કોઠારરૂમ તથા સરકારશ્રીનાં નિયમ મુજબ પૂરતા સંડાસ-બાથરૂમની સુવિધાવાળું તેમજ ફાયરસેફટીની નિયમોનુસારની સુવિધા અને પીવાના પાણી તથા ગરમ પાણી (ઇચ્છનીય)ની સુવિધા સાથે પોતાની માલિકીનું મકાન ભાડેથી આપવાની ઈચ્છા ધરાવતા હોય તેમજ સરકારશ્રીના વખતોવખતનાં તમામ નિયમો અંગે સંમત હોય અને તેઓ પી.ડબલ્યુ.ડી કચેરી જે વ્યાજબી ભાડું નક્કી કરે તે ભાડું અથવા સરકારશ્રી દ્વારા જે ભાડું નક્કી થાય તે ભાડું સ્વીકારવા તૈયાર હોય તેવી સંસ્થા/પાર્ટીએ પોતાના મકાનનો નકશો,છેલ્લા વેરા ભર્યાની પહોચ અને માલિકીના આધાર દસ્તાવેજોની નકલ અને મકાનનાં ફોટા તથા બી.યુ. પરમીશન સાથે આ કચેરીને આ જાહેરાતં પ્રસિદ્ધ થયેથી દિન-૧૦ માં સાધનિક કાગળો સાથે લેખિતમાં ભાડે આપવાની સંમતિ સાથે રજીસ્ટર એ.ડી. થી નીચે દર્શાવેલ સરનામે અરજી કરવાની રહેશે. કવર ઉપર "સરકારી કન્યા છાત્રાલય(વિકસતી જાતિ) રાજુલા.જી.અમરેલી મકાનભાડા દરખાસ્ત" તેમ દર્શાવવાનું રહેશે.

સરનામું
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
(વિ.જા)ની કચેરી,જીલ્લા સેવા સદન-૨, બી-બ્લોક,૧૦૫,પ્રથમ માળે,
અમરેલી.ફોન.નં.૦૨૭૯૨ (૨૨૨૭૯૩)
માહિતી/અમર/૨૦૨૪-૨૫/

(એ.એલ.મહેતા)
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિકસતી જાતિ)અમરેલી

જિમાક/અમર/૪૮૯/૨૫

---

### બાબરા નગરપાલિકા જિલ્લો : અમરેલી

### ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ નોટીસ (બીજો પ્રયત્ન)

બાબરા નગરપાલિકા દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે:

| | |
|---|---|
| કામનું નામ: | વિવિધ યોજનાઓ અંતર્ગત સિવિલ કામગીરી માટે થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન (ટી.પી.આઇ.) ની સર્વિસ પૂરી પાડવાની કામગીરી |

વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઇસ બીડ વગેરે વેબસાઇટ https://tender.nprocure.com પર તા.૨૧/૦૧/૨૦૨૫ થી ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી. સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. બાબરા નગરપાલિકા કોઈ પણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર
બાબરા નગરપાલિકા

પ્રમુખ
બાબરા નગરપાલિકા

જિમાક/અમર/૪૯૧/૨૫

---

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥



વિન્ટર કલેક્શન
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેક્શનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, બુઠી, જેકેટ, ફેન્સીકોટ,
હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

---

## વડોદરાનાં પાણીગેટ અજબડી મિલમાં આગ લાગી ૧૨ કાર બળીને ખાખ થઇ ગઇ

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૭-૦૧-૨૦૨૫ શુક્રવાર

# ગામડાઓ એ વાત જાણે છે કે નેતાઓ અમારા મત લઈ જાય છે ને કામ તો શહેરોના જ કરે છે

ભારતીય રાજકારણમાં રોડશો અને રેલીઓની મોસમ બહુ વર્ષો સુધી ચાલી. હવે એમાં પરિવર્તન આવવાનો અણસાર છે. છેલ્લા કેટલાક સમયથી શહેરી અને ગ્રામીણ મતદારોના અભિગમ વચ્ચેની ખાઈ ઊંડી થતી જાય છે. સત્તાધારીઓ માત્ર શહેરો પર જ પોતાનું શાસન કરતા હોય અને મહાનગરોના કલ્યાણાર્થે જ કામ કરતા હોય તેવું ચિત્ર ગ્રામવાસીઓએ અનુભવીને તેના ઘેરા પ્રત્યાઘાત આપ્યા છે. છેલ્લા એક દાયકાનો તો આ ઘાટો અનુભવ છે. ગયા વખતે એટલે કે ઉત્તર પ્રદેશ અને ગુજરાતના છેલ્લી વિધાનસભાઓના અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના પરિણામોએ ગ્રામસમાજ અને શહેરી સમાજ વચ્ચેનું સીમાંકન સ્પષ્ટ કરી આપ્યું હતું.

માત્ર ભાજપને દોષ દેવાનો અર્થ નથી કારણ કે એ પૂર્વે કોંગ્રેસે પણ એ જ પ્રવૃત્તિ કરી છે, દાયકાઓ સુધી કોંગ્રેસે ગામડાઓની મતબેન્કોના ખજાનાઓ અંકે કરી લીધા છે. કયારેક કોઈક યોજના દ્વારા ગામડાંને યાદ કરવામાં રાજકીય પક્ષોએ સંતોષ માન્યો છે પરંતુ આ દેશના રાજય અને કેન્દ્રના શાસકોએ કદી એ સભાનતા કેળવી જ નથી કે તેઓ ખુદ પણ ગ્રામસમાજના જ ખોળામાં બેઠેલા છે. ભવ્ય મહાલયો અને પંચતારક હોટેલોમાં યોજાતી તેમની સંગઠન સભાઓ અને હાઈપ્રોફાઈલ કેબિનેટ મિટિંગોને કદી ગામના પાદરમાં તંબુ તાણવાનું મન થયું નથી.

એટલે આજે સ્થિતિ એવી આવી છે કે દેશના અને પ્રદેશોના ટોચના રાજકીય પક્ષોને ખબર જ નથી કે ગામડાંઓના પ્રશ્નો શું છે. નેતાઓ અને ગ્રામસમાજ હવે એકબીજાની ભાષા સમજી શકે એમ નથી. તેમની વચ્ચેનો સંબંધ જુદા જુદા સ્વર અને જુદા તાલનો થયો છે અને એથી ઘોંઘાટ સંભળાય છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ આ ત્રણ રાજયો તો એવા છે કે એના ગ્રામ સમાજમાં એક પણ રાજકીય નેતાનું ગામના ટપાલી જેટલું પણ સન્માન નથી.

હવે એમાં બિહાર પણ ઉમેરાયું છે. આના ઘણા કારણો છે. જે સરપંચોએ સ્થાનિક સત્તા સંભાળી તેમણે સરકારી નાણાંનો સદ્‌ઉપયોગ કર્યો નથી. સરકારમાંથી આવતા તમામ નાણાંમાં ભ્રષ્ટ આચરણના કિસ્સાઓ છે. ગામડાંઓને પોતે વોટબેન્ક માનતી હોવાને કારણે શાસક સરકારોએ એમના પર કોઈ પગલા લીધા નથી. ભાગ્યે જ કોઈ સરપંચ, ભ્રષ્ટાચારના કેસમાં જેલ પહોંચ્યો છે. આપણા દેશમાં સરપંચ જેલ ન જાય ત્યાં સુધી તળિયાની શુદ્ધિ થવાની નથી અને જેના તળિયા ચોખ્ખા ન હોય એના નળિયા ક્યાંથી સોનાના હોય ? એના વર્તન પરથી શાસકો અંગે ગ્રામ સમાજમાં હળાહળ વિરોધનો સૂર હવે પ્રબળ બની ગયો છે. પ્રજા પાસે વિકલ્પો બહુ મર્યાદિત છે. અગાઉ એકવાર યુપીમાં સાડા પાંચ લાખ મતદારોએ 'નોટા' (કોઈ નહિ)નું બટન દબાવ્યું હતું એ શું સૂચવે છે? એટલે જ ઉત્તર પ્રદેશની ગઈ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સાત હજારથી વધુ અપક્ષ ઉમેદવારો ચૂંટાઈ આવ્યા હતા જે ભારતીય રાજકારણનો એક વિક્રમ છે. પ્રતિષ્ઠિત પક્ષો પ્રત્યેની પ્રજાની એ એક હેટસ્ટોરી છે. તિરસ્કારિક વાર્તિક છે.

ગ્રામપ્રજા આજ સુધીની અનેક સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસ બન્નેને ગામડાંઓ, તાલુકાઓ અને જિલ્લામાંથી જાકારો આપી ચૂકી છે. નગર નિગમ કે પાલિકાઓ સિવાય કયાંય મોટા પક્ષોની 'દુકાન' ચાલી નહિ. મતદારોનું આ વર્તન એ બાબતનો સંકેત આપે છે કે રાજકીય પક્ષોની કહેવાતી વિચારધારાઓની પોલમપોલ પ્રજા હવે જાણી ગઈ છે અને આ પક્ષો માત્ર સત્તા મેળવવાના એક જ કોમન ઈલેકશન કોડ પર કામ કરી રહ્યાં છે. તેમનો હેતુ માત્ર સત્તાપ્રાપ્તિ છે, જનકલ્યાણ નહિ ! એટલે અપક્ષોના કંઠમાં વિજયની વરમાળા પહોંચવા લાગી છે. જો આ સ્થિતિ આગળ ચાલશે અને રાજકીય પક્ષો તેમના એજન્ડાઓમાં અને વચનોમાં નિષ્ફળ નીવડવાનો દૌર ચાલુ રાખશે તો કમ સે કમ અપક્ષો નિર્ણાયક સ્થિતિ સુધી તો પહોંચી જશે. ગ્રામ સમાજ નફરતોથી ટેવાયેલો નથી. નકારાત્મક બાબતોનો આધાર ત્યાં ચાલતો નથી. ભાજપ અને કોંગ્રેસ બન્નેએ ગ્રામ સમાજમાં સામાજિક અને પારસ્પરિક નફરતોની છુટ્ટે હાથ વહેંચણી કરીને સામાજિક વિઘટનનો આરંભ કરેલો છે.

આ તેમનો ગંભીર નૈતિક અપરાધ છે. ગુજરાત વિધાનસભાની ગઈ ચૂંટણીમાં ઉમેદવારો પસંદ કરવાની લાંબી પ્રક્રિયાનું માત્ર નાટક જ બન્ને પક્ષે ભજવાયું. એમાં ભાજપ - કોંગ્રેસ બન્નેનો કોમન સિલેકશન કોડ એક જ હતો કે નાછૂટકે આપવી જ પડે તેવા બે - પાંચને ટિકિટ ભલે આપીએ પણ બાકી તો આખા રાજયમાં જીતી શકે એને જ ટિકિટ આપો. યેનકેન પ્રકારેણ જીતી બતાવનારાને ટિકિટ આપવા જતાં બન્ને પક્ષોએ અન્ય સંખ્યાબંધ સર્વોત્તમ લોકસેવકોને તકશૂન્યતાની ગહન ગર્તામાં ધકેલી દીધા.

સારા ઉમેદવારોના વિકલ્પમાં તેમણે જીતે તેવા જ ઉમેદવારો પસંદ કર્યા, પછી જીત્યા કે હાર્યા એ બીજો પ્રશ્ન છે. સવાલ એ છે કે પ્રજાની પોતાની પાસે જ સજ્જન ઉમેદવારોની પસંદગી કરી શકાય એવા ઉમેદવારો આઝાદીથી આજ સુધીમાં ઘટતા ઘટતા સાવ નહિવત્‌ સ્તરે આવી ગયા છે. નરેન્દ્ર મોદીની એકલે હાથે ચૂંટણીઓ જીતવાની ચમક એક ઈતિહાસ બની ગઈ છે એ જો ભાજપને યાદ નહિ રહે તો આવનારી વિધવિધ રાજ્યોની વિધાનસભા ચૂંટણી એની પ્રતીતિ કરાવશે.

## ચાર પૈડાવાળી ગાડીઓ યમરાજાનું કામ કરી રહી છે : ૨૪ કલાકમાં ત્રણને સ્વધામ પહોંચાડ્યાં

# બાબરાના ધરાઈથી મોટા દેવળીયાના હાઈવે રોડ ઉપર ફોરવ્હીલે બાઈકને હડફેટે લેતા ૧ નું મોત : ૨ ને ઈજા

### બાઈક સાથે ભટકાવી નાની મોટી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) બાબરા તાલુકાના ધરાઈ ગામેથી મોટા દેવળીયા જવાના હાઈવે રોડ ઉપર એમપીના શ્રમિક કસરીયા ઉર્ફે, કાસીરામ,મન્સારામ,તથાદિનેશ ત્રીપલ સવારી બાઈકમાં સાંજના ૮:૩૦ કલાકે ધરાઈ ગામેથી મોટા દેવળીયા જતા હોય.તે દરમ્યાન ધરાઈ ગામથી થોડે દુર મોટાદેવળીયાગામવચ્ચેહાઈવેરોડઉપર મોટા દેવળીયા તરફથી એક ફોરવ્હીલ જી.જે. ૧ કે.જે. ૬૩૮૫નાચાલકેપોતાની ફોરવ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી કસરીયા ઉર્ફે કાસીરામ,મન્સારામ, દિનેશને શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ કરી કસરીયા ઉર્ફે કાસીરામનું મોત નિપજાવી ગુનો કર્યાની નશરૂભાઈ કોટવાલભાઈ બલડે બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના ચકકરગઢના પાટીયા પાસે ફોરવ્હીલે બાઈકને હડફેટે લેતા ૧ નું મોત નિપજયું: ૧ ને ઈજા

### બાઈક સાથે ભટકાવી ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)અમરેલી તાલુકાનાચકકરગઢગામનાપાટીયાપાસે અમરેલી રોકડીયાપરા કાળભૈરવ મંદિર પાછળ રહેતા ગૌતમભાઈ વિનુભાઈ ઝીંઝરીયા તથા નાની બહેન જલ્પાબહેન તા.૧૪-૧ ના અમરેલીથી ચાંદગઢ જવા નીકળેલ હતા. તે દરમ્યાન સાંજના ૬:૩૦ કલાકે અમરેલીથી સાવરકુંડલા હાઈવેપર ચકકરગઢરોડનાપાટીયાપાસે પહોંચતા ફોરવ્હીલ જી.જે.૦૩ ડી.જી.૨૫૮૫ ફોરવ્હીલના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક જી.જે.૧૪ જી.૧૫૮૨ સાથે ભટકાવી ગંભીર ઈજા કરી બાઈક ચાલકનું મોત નિપજાવી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં વિશાલભાઈ વિનુભાઈ ઝીંઝરીયાએ ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાથી બાઢડા વચ્ચે માલઢોર લઈને જતી પ્રૌઢાને ફોરવ્હીલે હડફેટે લેતા મોત થયું

### પુરઝડપે ફોરવ્હીલ ચલાવી હડફેટે લઈ ગંભીર ઈજા કરી મોત નિપજાવ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) સાવરકુંડલા રાજધાની હોટલથી બાઢડા ગામ વચ્ચે ઓખા તાલુકાના નવી ધ્રેવાળ ગામના વિરમભાઈ ભીમાભાઈ મોરી ઉ.વ.૫૦નાપત્નિવિજુબેનમાલઢોરઘેટા બકરા લઈનેચાલીનેવિજપડીતરફ જતા હતા. તે દરમ્યાન રાજધાની હોટલથી આગળ થોડે દુર સામેથી રોન્ગ સાઈડમાં ફોરવ્હીલ જી.જે.૩૬ એ.એફ.૦૧૯૦ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી વિજુબેન સાથે ભટકાવી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી ગુનો કર્યાની વિરમભાઈ મોરીએ સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## છોકરાઓને પતંગ ચગાવવાની ના પાડતા ઠપકો આપતા

# વડિયાના દેવગામમાં પ્રૌઢ દુકાનદાર ઉપર હુમલો

### બે મહિલા સહિત ૮ મળી ધારીયું,લાકડાના ધોકા વડે મુંઢમાર મારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)વડિયાના દેવગામ વેલનાથબાપાના મંદિર પાસે વિનુભાઈ ચકુભાઈ ચાવડા ઉ.વ.૪૯ની દુકાનેથી અજાણ્યા મજુરના છોકરાઓ વેચાતી પતંગ લઈ જઈ અને દુકાનની સામે ચગાવતા હોય.જે દરમ્યાન જયેશ મનુભાઈ, ટીણો ઉર્ફે જયેશ જીણાભાઈ, અજય ખીમાભાઈ ચાવડાએ આ છોકરાઓનેપતંગચગાવવાનદેતાહોય. જેથી વિનુભાઈએ ઠપકો આપતા જયેશે લાફો મારેલ.ત્યારબાદ વિનુભાઈ દુકાને જતા રહેલ.આ દરમ્યાન જયેશ મનુભાઈ, ટીણો ઉર્ફે જયેશ જીણાભાઈ, અજય ખીમાભાઈ, દિનેશ રાજાભાઈ, જીણા શંભુભાઈ, વિશાલ ગોગનભાઈ, અજયની માતા,રેખાબેન ગોગનભાઈ ચાવડાસહિતેએકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી લાકડી ,હોકી, ધારીયું લાકડાના ધોકાજેવાપ્રાણઘાતકહથિયારો ધારણ કરી વિનુભાઈને દુકાન બહાર બોલાવી જયેશે માથામાં લાકડાના ધોકા વડે મારમારી ટીણાએ હોકી વડે વાસાના ભાગેમુંઢમાર મારીઅજયેલાકડાનાધોકા વડેમોઢાનાડાબાગાલઉપરમુંઢમાર મારી દિનેશે જમણા પગે સાથળમાં ધારીયાની મુંધરાટી મારીજીણાએહાથમાં લાકડાના ધોકા લઈ વિનુભાઈના દિકરા જીતેન્દ્રને માથાનાભાગેઘામારીમુંઢઈજાકરીગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના સરસીયામાં જમીન મકાનનો હક હિસ્સો માંગતા પ્રૌઢ ઉપર હુમલો

### કુટુંબીઓએ લાકડી ઢીકાપાટું વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) ધારીતાલુકાનાસરસીયાગામેહનીફભાઈ દાઉદભાઈ નાડ ઉ.વ.૫૦ તથા આરોપીઓની સંયુકત ખાતાની જમીન સરસીયા ગામની સીમમાં ઉતર બ્લોક ખીચાના માળમાં આવેલ બગીચા તથા સંયુકત મકાન હોય.જે અંગે ઓસમાણ જીણાભાઈ નાડ સાથે હનીફભાઈને બે દિવસ પહેલા ઘરમેળે વાતચીત થયેલ હતી.અને આ જમીન તથા મકાનમાં હક હિસ્સો ન આપતા જમીન અને મકાનનો હનીફભાઈએપોતાનોહકહિસ્સોમાંગતા ઓસમાણ જીણાભાઈ, સલીમ ઓસમાણભાઈ, સમીર ઓસમાણભાઈ નાડેએકસંપ કરીજેમફાવેતેમ મારમારવા લાગેલ.અનેસમીર ઓસમાણે લાકડી વડે જમણા પગમા મારમારતા નીચે પડી ગયેલહોય.ઓસમાણ જીણાભાઈ નાડ ઘરમાંથી તલવાર લઈ આવીહનીફભાઈને કહેલ હોય કે આજ તો આને મારી નાખવો છે. તેવી ધમકી આપી ગાળો બોલતા હનીફભાઈને બીક લાગતા ત્યાંથી નાસી ગયેલ હોય.એકબીજાએ ગુનો કરવામાં મદદગારીકરીઅધિકજીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં જુગારના બે દરોડા

### ૭ શખ્સોને રોકડ રૂા.૨૨, હજાર ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી,નાગેશ્રી પોલિસે એભલવડ ગામનીસીમમાં જાહેરહારજીતનો જુગાર રમતાપ્રકાશધીરૂભાઈ વરૂ,હરેશઉર્ફેલાલો કરણભાઈ પરમાર, જુનેદ અબ્દુલભાઈ જેઠવા, ઘનશ્યામ ઈર્ફે રાધે ગોબરભાઈ મકવાણા,હરેશ બચુભાઈ વરૂ, ભરત પરમાર, આણદુભાઈ ભરવાડને પો.કોન્સ. મિતેશભાઈ વાળાએ રોકડ રૂા.૧૧,૫૦૦ ના મુદામાલ સાથે પ્રકાશ ,હરેશ,તથા જુનેદને ઝડપી પાડયા હતા.જયારે ઘનશ્યામ,હરેશ,ભરત તથા આણંદુ રેઈડ દરમ્યાન નાસી છુટયા હતા.લાઠી તાલુકાના વિરપુર ગામની સીમમાં રાજુ ઉર્ફે રાજેશ માણસુરભાઈ બાખલકીયા, સંજય રાજેશ માણસુરભાઈ બાખલકીયા, સંજય અશોકભાઈ મીઠાપરા, લાલજી ગણપતભાઈ સોલંકી, હિંમત સોમાભાઈ ખુમાણને પો.કોન્સ.વિશ્વજીતસિંહ ગોહિલેરોકડ રૂા.૧૧, ૩૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# અમરેલીના લુણીધાર થી રેલવે સ્ટેશન સુધીનો માર્ગ બિસ્માર

### ચાર માસ પૂર્વે મોટા આંકડિયા થીલુણીધાર ગામ સુધી માર્ગની મરામત કરાઈ



અમરેલી,

અમરેલી પંથકના લુણીધાર થી રેલવે સ્ટેશન સુધીનો માર્ગ દાયકા થી ન બનતા માર્ગ ઉપર ફૂટ ફૂટ ના ખાડા પડી જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અમરેલી પંથકના લુણીધાર થી રેલવે સ્ટેશન સુધીનો ચારેક કિલોમીટરનો માર્ગ છેલ્લા એક બન્યો નથી આ માર્ગ પરથી લુણીધાર સહિત આજુબાજુના ૨૦ જેટલા ગામના હજારો ખેડૂતો ગોંડલ યાડમાં પોતાની જણસ લઈ ઊંચા ભાવે વેચવા માટે જતા હોય છે પરંતુ આ માર્ગ ઉપર છેલ્લા એક દાયકાથી ધોવાણ અને એક એક ફૂટના ઊંડા ખાડા પડી જતા માર્ગ ઉપરથી પગપાળા ચાલવું પણ મુશ્કેલ સર્જાયું છે માસ પૂર્વે મોટા આંકડિયા થી લુણીધાર રેલ્વે સ્ટેશન સુધીનો માર્ગ બનાવવા ઊઠેલી માંગ બાદ ગામ સુધીનો માર્ગ માત્ર મરામત કરી અધૂરું કામ છોડી દેતા હજારો ખેડૂતોમાં રોશની લાગણી ફેલાઈ ગઈ છે આ માર્ગ ઉપર દિવસ દરમિયાન હજારો લોકો પહેલા અવર-જવર કરતા હતા તંત્રની લાપરવાહીથી માર્ગ છેલ્લા એક દાયકાથી ન અહીંથી કોઈ પસાર થતું નથી પરિણામે ૨૪ કલાક વાહનોથી ધમધમતા આ વિસ્તાર ભેકાર જેવી સ્થિતિમાં મુકાઈ ગયો છે હજારો ખેડૂતો ખખડધજ રોડ ના કારણે પોતાની જણસ ગોંડલ યાર્ડમાં વેચવા જતા નથી મોટી નુકસાની વેઠી રહ્યા છે હું ભૂલથી આ રોડ ઉપરથી દ્વિતી ચક્રીય વાહન ધારક પસાર થાય તો રીંગ વળી હોવાની અને ઘટનાઓ બની ચૂકી છે જો આ માર્ગ બની જાય તો સરકારે કરોડના ખર્ચે લુણીધાર રેલ્વે સ્ટેશનનો વિકાસ કર્યો છે પરંતુ સારો રોડ ન હોવાના કારણે કોઈ રેલવે સ્ટેશનને જતું નથી જો આ માર્ગ બની જાય તો ખેડૂતો સહિત રાજકોટ અને ગોંડલ તરફ વાહન વ્યવહાર ઝડપી એવી લોક ઉઠવા પામી છે.

# અમરેલી જીલ્લામાં દેશી દારૂના ચાર દરોડા : ૧ મહિલા સહિત ૪ ઝડપાયા

### જીલ્લામાં જુદા જુદા પાંચ સ્થળેથી નશો કરી ઢીંગલી થયેલાઓ ઝડપાયા

અમરેલી,

અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા સ્થળોએ દેશી દારૂના ચાર દરોડા પાડી એક મહિલા સહિત ચારને પકડી પાડેલ છે.પાંચ સ્થળે નશો કરેલા શખ્સોને પકડી પાડયા છે.અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા ૪ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડી ૧ મહિલા સહિત ૪ ને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.જેમાં જાફરાબાદ ટાઉન, સાવરકુંડલા ટાઉન,ધારી,અમરેલીસીટી પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જયારે જીલ્લામાં જુદા જુદા ૫ સ્થળોએ નશો કરી ઢીંગલી થયેલા ૫ શખ્સોને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.જેમાં બગસરા, બાબરા,સાવરકુંડલા ટાઉન,કુંડલા રૂરલ પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી.

# લાઠીના છભાડીયા ગામે યુવાન ઉપર હુમલો

### ચાર શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,લાઠી તાલુકાના છભાડીયા ગામે દિલિપભાઈ વજુભાઈ વનાળીયા ઉ.વ.૩૫ ના નાના બાળકો તેની અગાસી ઉપર પતંગ ચગાવતાહોય.ત્યારે રોહિત હિંમતભાઈ, વિજય હિંમતભાઈ આસોદરા નાના છોકરાઓના પતંગ કાપી રાડો નાખતા હોય.જેથીદિલિપભાઈએ નાના છોકરાઓના પતંગ કાપવાની ના પાડતા બંને વચ્ચે બોલાચાલી થયેલ.જેનુ મનદુ:ખ રાખી રાહિતેપાઈપલઈ તથાવિજયેદિલિપભાઈને કહેલ કેઘર નજીક આવી તું સવારે શું બોલતો હતો. તેમ કહી રોહિતે ગાલ ઉપર લાફો મારી હિંમત મગનભાઈ આસોદરા લાકડી લઈ તથા મહેશ નારણભાઈ આસોદરા આવી રોહિતે પાઈપ વડે હિંમતે લાકડી વડે દિલિપભાઈને મારમારી ચારેય શખ્સોએ ઢીકાપાટું વડે આડેધડ મુંઢમાર મારી એકબીજાએ મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ

## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૧૭.૧.૨૦૨૫ , શુક્રવાર ,સંવંત ૨૦૮૧, પોષ વદ ચોથ, મઘા નક્ષત્ર , સૌભાગ્ય યોગ, બવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

### વર્ષ ૨૦૨૫માં જાસૂસી અને હેકિંગ તથા સાયબર ફ્રોડ ચરમસીમાએ પહોંચશે

.અગાઉ લખ્યા મુજબ વર્ષ ૨૦૨૫ મંગળ અને કેતુનો પ્રભાવ ધરાવે છે અને એ મુજબ ચીન તરફથી હેકિંગની ચિંતા મોટા પાયે વધવા પામી છે અને વર્ષ ૨૦૨૫માં જાસૂસી અને હેકિંગ તથા સાયબર ફ્રોડ ચરમસીમાએ પહોંચશે તેવા સંકેતો ગ્રહો આપી રહ્યા છે. કેતુ અને મંગળ સાથે મળી યુદ્ધના વિવિધ અલગ અલગ રસ્તાઓ દર્શાવે છે જે લાંબા ગાળે દુશમનને ખોખલા કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે તો મંગળ મહારાજ વક્રી ચાલે મિથુન રાશિમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે લાંબા સમય સુધી કર્ક અને મિથુનમાં ભ્રમણ કરતા મંગળ



વારંવાર વાહન અને કમ્યુનિકેસ ડિવાઈસનો ઉપયોગ કરતા જોવા મળશે જે આ ભ્રમણ દરમિયાન અગાઉ પણ જોવા મળ્યું છે ફરી કમ્યુનિકેશન ડિવાઈસીસ અને ઈન્ટરનેટનો ઉપયોગ બીજા દેશ સામે પ્રોક્ષી વોરમાં થતો જોવા મળશે વળી ૨૦૨૫ના શરૂઆતના મહિનાનોમાં ગ્રહોના પરિવર્તન અનેક વૈશ્વિક ઘટનાઓને યુદ્ધના પરિપ્રેક્ષમાં બનતી જોવા મળશે અને શનિ મહારાજ માર્ચ અંતમાં ફાઈનાસીઅલ યરની સાથે સાથે રાશિ પરિવર્તનના કારણે પણ ઘણા ફેરફાર આપતા જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિદ્યાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે,સફળતા મળે,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય,ભાઈ ભાંડુ સુખ સારું રહે,સામાજિક કાર્ય કરી શકો,શુભ દિન.
કર્ક (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તન થી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
સિંહ (મ,ટ) : આજના દિવસે કામકાજ માં સફળતા મળે,તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો,પ્રગતિ થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા,બોલવા માં કાળજી રાખવા સલાહ છે.
તુલા (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રો થી સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે,ધીમી પ્રગતિ જોવા મળે,સુંદર દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે,ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે.
મકર (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.
કુંભ (ગ ,સ,શ) :રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,શુભ દિન.
મીન (દ,ચ,ઝ,થ): જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી,ખાવાપીવા માં કાળજી લેવી,મધ્યમ દિવસ.

### સુડોકુ નં. ૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 7 | | | 3 | | | |
| | 3 | | 6 | | 4 | | 5 | 9 |
| | | | 1 | | | | | 3 |
| 4 | 2 | | | | | 3 | 8 | |
| | | | | 4 | | | | |
| | 9 | 1 | | | | | 2 | 6 |
| 7 | | | | | 1 | | | |
| 8 | 4 | | 7 | | 5 | | 1 | |
| | | | 3 | | | 7 | 6 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જયાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૩ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 8 | 7 | 1 | 9 | 5 | 4 | 2 | 6 |
| 9 | 6 | 5 | 7 | 2 | 4 | 8 | 1 | 3 |
| 4 | 1 | 2 | 8 | 3 | 6 | 7 | 9 | 5 |
| 7 | 3 | 1 | 4 | 6 | 8 | 9 | 5 | 2 |
| 8 | 2 | 6 | 3 | 5 | 9 | 1 | 4 | 7 |
| 5 | 9 | 4 | 2 | 1 | 7 | 3 | 6 | 8 |
| 6 | 4 | 9 | 5 | 8 | 3 | 2 | 7 | 1 |
| 1 | 5 | 3 | 9 | 7 | 2 | 6 | 8 | 4 |
| 2 | 7 | 8 | 6 | 4 | 1 | 5 | 3 | 9 |

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૯૦ થી ૧૫૩૮ મગફળી ૮૧૫ થી ૧૧૭૨

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૦૦-૧૧૨૭
શિંગમોટી-૮૧૫-૧૧૭૨
શીંગફાડા-૯૦૦-૧૨૫૬
તલસફેદ-૧૫૦૦-૨૩૮૭
તલકાળા-૨૨૦૦-૪૬૫૦
જુવાર-૪૦૬-૮૨૬
ઘઉંટુકડા-૫૮૬-૫૫૬
ઘઉંલોકવન-૫૦૮-૬૭૦
ચણા-૯૧૫-૧૨૨૨
કપાસ-૯૯૦-૧૫૩૮
ધાણા-૧૧૮૦-૧૩૧૫
સોયાબીન-૫૭૦-૮૪૦
અડદ-૧૧૫૦-૧૫૮૦
એરંડા-૧૧૮૬-૧૨૦૨
મરચાલાંબા-૩૭૦-૩૩૧૦
જીરૂ-૨૭૦૦-૪૩૯૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૦૦
રીંગણા-૫૦૦-૬૦૦
કોબીઝ-૧૦૦-૨૦૦
ટમેટાં-૧૫૦-૨૫૦
સુરણ-૧૦૦૦-૧૨૦૦
ફોદીનો-૫૦૦-૬૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૩૨૦-૬૫૦
ગુવાર-૮૨૦-૧૬૪૦
દુધી-૧૨૦-૨૮૦
તુરીયા-૮૧૦-૧૦૦૦
ભીડો-૫૨૦-૮૦૦
આદુ-૭૨૦-૮૦૦
કોથમીર-૩૦૦-૫૦૦
મેથીભાજી-૨૦૦-૩૫૦
ટીંડોરા-૭૦૦-૮૦૦
લીમડોમીઠો-૩૦૦-૩૫૦
મરચાલીલા-૬૦૦-૯૦૦
મુળા-૧૬૦-૬૨૦
લીંબુ-૮૪૦-૧૦૪૦
પાલક-૨૨૦-૩૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૫૧-૬૨૧
સોયાબીન-૭૫૦-૭૮૬
ઘઉં-૫૫૧-૭૦૭
જુવાર-૮૩૧-૮૫૧
કપાસ-૧૩૮૦-૧૫૧૦
તલસફેદ-૨૩૨૫-૨૪૨૬
તુવેર-૧૪૦૦-૧૪૨૫
મગ-
શીંગ-૮૭૯-૧૧૦૦
ચણા-૯૯૧-૧૩૦૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૭૯-૭૧૧
ડુંગળીલાલ-૧૨૬-૫૬૯
તલસફેદ-૧૮૪૭-૨૨૯૮
અડદ-૭૦૦-૧૫૧૫
સોયાબીન-૭૮૨-૮૧૬
ચણા-૧૧૫૨-૧૧૫૨
ડુંગળીસફેદ-૨૫૦-૪૫૨
શીંગ-૧૦૬૨-૧૨૩૮
બાજરી-૫૭૦-૭૩૯
જુવાર-૪૨૧-૯૧૭
નાળીયેર-૫૮૬-૨૫૮૦

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૪૦-૧૫૫૦
ઘઉં-૫૪૮-૬૧૨
મગફળી-૧૦૭૬-૧૧૪૨
એરંડા-૧૦૬૨-૧૧૬૮
જીરૂ-૪૯૭૦-૪૨૩૦
તલસફેદ-૧૯૬૦-૨૦૭૦
કપાસ મીડીયમ-૧૨૬૦-૧૩૯૦
ઘઉં-૫૭૮-૬૧૨

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૧-૧૪૫૧
ધાણા-૧૧૦૦-૧૪૦૦
મગફળી-૭૫૬-૧૧૦૦
સોયાબીન-૬૨૬-૭૨૬
તલકાળા-૧૯૦૦-૪૨૮૦
ઘઉં-૬૦૬-૬૧૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૬૫-૧૦૭૬
શીંગમોટી-૧૦૦૦-૧૧૪૩
તુવેર-૧૫૭૧-૧૬૦૫
તલસફેદ-૧૮૦૦-૨૩૨૫
કપાસ-૧૩૫૦-૧૪૮૦
ઘઉંલોકવન-૬૦૦-૬૫૦
જીરૂ-૩૭૦૦-૪૪૦૦
ઘઉંટુકડા-૬૩૦-૬૬૨
ચણા-૧૧૭૪
સોયાબીન-૭૦૦-૭૮૧
એરડી-૧૧૮૯-૧૨૧૬

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૫૧-૧૪૭૦
મગફળી-૧૦૫૧-૧૦૯૧

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૧૨૫-૧૫૦૩

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૫૦-૧૫૧૬
બાજરો-૬૦૪-૬૦૪
મગફળી-૬૬૩-૮૭૨
શીંગદાણા-૯૩૫-૧૦૫૫
સોયાબીન-૫૫૫-૮૦૪
ઘઉં-૫૮૪-૬૩૦
ચણા-૧૦૦૦-૧૧૯૫
તલસફેદ-૧૬૦૦-૧૬૬૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૧૮૦૦-૨૬૦૦
મુસંબી-૫૦૦-૧૫૦૦
અંગુર-૧૬૦૦-૩૦૦૦
કીવી-૪૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૨૦૦
અનાનસ-૮૦૦-૧૦૦૦
જામફળ-૬૦૦-૯૦૦
કેળા-૩૫૦-૪૫૦
પોંપૈયા-૩૦૦-૫૦૦
બોર-૫૦૦-૧૨૦૦
સફરજન કાશ્મીર-૨૦૦૦-૩૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૨૭
ન્યુનતમ તાપમાન -૮.૨
ભેજનું પ્રમાણ -૭૩
પવનની ગતિ સરેરાશ -૫.૧

## ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયાની મહેનત અને સબળ રજુઆતને કારણે

# ચલાલામાં સાડા છ કરોડનું સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજુર

**ચલાલામાં વર્ષો પહેલાનાં બનેલા સામુહિક આરોગ્ય કેન્દ્રની ઇમારત જર્જરીત હાલતમાં હોવાથી ચલાલા આસપાસનાં લોકોને મુશ્કેલી પડતા શ્રી કાકડીયાએ રજુઆત કરેલી**

**મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલને કરાયેલી રજુઆતને પગલે સાડા છ કરોડની રકમ મંજુર કરાતા ટેન્ડર પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો**

ચલાલા, (પ્રકાશ કારીયા) ચલાલા શહેરમાં વર્ષો પહેલાં નિર્માણ પામેલ સામુહિક આરોગ્ય અતી જર્જરિત થઈ ગયેલ હોવાથી ચલાલા શહેરનાં તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓ ને સારવાર લેવામાં ઘણી મુશ્કેલી પડી રહી છે તેવી ચલાલા શહેરની વિવિધ સંસ્થાઓ નાં પ્રતિનિધિઓ તથા શહેરના શ્રેષ્ઠીઓ એ પોતાના મત વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સદાય તત્પર અને જાગૃત રહેનાર ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા ને રજુઆત કરતાં તેમણે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા આરોગ્ય મંત્રીશ્રી ઋષીકેશભાઈ પટેલ તથા સંબંધિત ઉચ્ચ અધિકારીઓ ને રજુઆત કરતાં સાડા છ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરતાં નવાં બિલ્ડીંગ નાં નિર્માણ કાર્ય ની ટેન્ડર પ્રક્રિયા પણ પુરજોશમાં ચાલી રહી છે ત્યારે હાલ આરોગ્ય વિભાગ નાં ઉચ્ચ અધિકારીઓ એ જુનાં બિલ્ડીંગ નું ડિમોલેશન કરવાનો પણ ઓર્ડર કરી આપ્યો હોય ત્યારે પોતાનાં વિસ્તાર નાં કોઈ પણ દર્દીઓ ને નવાં બિલ્ડીંગ નાં નિર્માણ કાર્ય કોઈ પણ પ્રકારની મુશ્કેલી કે દુવિધા ઉભી ન થાય તે માટે આરોગ્ય કેન્દ્ર ને બાજુના બિલ્ડીંગ માં ખસેડવાનું સુચન કરતાં ટુંક સમયમાં જ હાલનું સામુહિક આરોગ્ય કેન્દ્ર બાજુનાં બિલ્ડીંગ ની સાફસફાઈ અને મરામત કરી ત્યાં ફેરવ્યાં બાદ નવાં બિલ્ડીંગ નું કામ શરૂ થશે. સાડા છ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરાવવા બદલ શ્રી કાકડીયાનો સમગ્ર ચલાલા પંથકે આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યાં છે.

## બગસરામાં મધ્યમ વર્ગના બાળકોને મકરસંક્રાંતિ પર્વે પતંગ વિતરણ કરાઇ

**પૂ. શ્રી જેરામબાપુનાં જન્મદિવસ નિમિતે ઓક્સિજન ગ્રુપ દ્વારા આયોજન**



બગસરા, (સમીર વિરાણી) બગસરામાં ઓક્સિજન ગ્રુપ દ્વારા આપાગીગાની જગ્યા બગસરા માં જેરામ બાપુ ના જન્મદિવસ નિમિત્તે અને મકરસંક્રાંતિ ના તહેવાર ના અનુલક્ષીને ઓક્સિજન ગ્રુપ દ્વારા ગરીબ નાના નાના બાળકો જેવો પતંગ લઈ ને થઈ શકતા અને કપાઈ ગયેલી પતંગની પાછળ ડોટ મૂકે છે અને વાહનો કે પીજીવીસીએલ ના વાયરો ના શોર્ટ લાગવા ના બનાવ ન બને તેવા હેતુથી મધ્યમ વર્ગના બાળકોને ૨૦૦૦ જેટલી પતંગો વિતરણ કરવામાં આવશે જેમાં શરૂઆત બગસરા આપાગીગા ની જગ્યા થી આપાગીગાના જગ્યાના મહંત જેરામબાપુના જન્મદિવસ હોય જેથી નાના બાળકોને પતંગ વિતરણ કરવામાં આવી હતી આ તકે બગસરા ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ દિનેશભાઈ હડિયલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું તેમ ઓક્સિજન ગ્રુપ દ્વારા જણાવ્યું હતું.

## રાજુલામાં બાળકોને પતંગ વિતરણ કરાઇ

**અલ્ટ્રાટેક કોવાયા અને ઇઆર ઓફિસ દ્વારા આયોજન**



રાજુલા, (કનુભાઈ વરૂ) અલ્ટ્રાટેક કંપની કોવાયા ખાતે પ્રથમ વખત યુનિટ શ્રી સંભવ શ્રીવાસ્તવ તથા એફ એસ આર શ્રી હેડ અજય વેશમ્પાયન તથા શ્રી ટાઈમ ઓફિસના હેડ જનરલ શ્રી દિનેશ પાંડે તથા એડમીન હેડ રીતો બન ચૌધરી દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ વર્ષે મકરસંક્રાંતિ અનુસંધાને ગરીબ લેબરો કોલો ના બાળકો રહેતા રહેતા હોય તેને મકરસંક્રાંતિ અનુસંધાને આજે પતંગનું વિતરણ કરવામાં આવ્યું હતું કોલોની માં જય અને બાળકોને હાથો હાથ પતંગનું વિતરણ કરતા શ્રી અનિલ મહાપાત્રા તથા વિનોદ તથા દાદા શહીત આજે વિવિધ લેબર કોલોની માઈસ કોલોની માં નાના ભૂલકાઓને પતંગનો વિતરણ કરવામાં આવ્યું હતું જેથી રોજે રોજના કમાતા બાળકો મા પતંગ આપતા ખુશી નો માહોલ કોલોની માં જોવા મળ્યો હતો.

## લાઠીનાં અકાળામાં પેવિંગ બ્લોક રોડનું ખાતમુહુર્ત કરાયું

**સાંસદ શ્રી ભરતભાઇ સુતરીયા, ધારાસભ્ય શ્રી જનકભાઇ તળાવીયાની ઉપસ્થિતિ**



અમરેલી,લાઠી તાલુકાના અકાળા ગામમાં પેવિંગ બ્લોક રોડના નિર્માણનું ખાતમુહૂર્ત યોજાયું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ઉપસ્થિત રહ્યા હતા.નવા રોડના નિર્માણથી ગામના લોકોને સરળતાથી અવરજવર કરવામાં મદદ મળશે અને ગામનું માળખું પણ વધુ સુદ્રઢ બનશે. આ પેવિંગ બ્લોકના રોડના કામથી ગામના વિકાસ માટે મહત્વનું પગલું ગણાવતાં, સાંસદ અને ધારાસભ્યએ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા.આ પ્રસંગે કલ્પેશભાઈ લુખી, ગ્રામ પંચાયત અકાળાના સદસ્ય હિતેશભાઈ રાખોલીયા, જગદીશભાઈ ખૂંટ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દકુભાઈ પડસાળા, ભાજપ શહેર પ્રમુખ ધર્મેશભાઈ સોની, શાસ્ત્રી દિનેશભાઈ પંડ્યા, પ્રવીણભાઈ લુખી, હસમુખભાઈ ડાવરીયા, કાળુભાઈ સાવજ, અશોકભાઈ લુખી, નાથાભાઈ ખૂંટ, બાબુભાઈ ગોરસીયા તથા કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી પુરૂષોતમ લાલજી ગૌલોક સેવાધામ ટ્રસ્ટ દ્વારા ગૌવંશોની કરાતી અનન્ય સેવાઓ

**સેવાભાવીઓ દ્વારા ૩૫૦ ગૌવંશનું થઇ રહેલુ જતન**



ધારી, (ઉદય ચોલેરા) ધારીથી ૧૭ કી.મી. દુર ગીરના કાઠે શ્રી પુરૂષોતમ લાલજી ગૌલોક સેવાધામ ટ્રસ્ટની ગૌશાળા આવેલ છે જેનુ બાબુભાઈ ઢોલા દ્વારા સંચાલન થઈ રહેલ છે તે છેલ્લા ૩૨ વરસથી ગૌસેવાની કામગીરી કરી રહેલ છે. જેમાં હાલ ૩૫૦ ગૌવંશ જીવોને સેવા થઈ રહેલ છે. આ ગૌશાળા અપંગ અને અશકત ગૌવંશની વિશેષ દેખભાળ કરવામાં છે. આજુબાજુના ગામો તથા ધારી શહરે આ સંસ્થાની સેવાકીય પ્રવુતિમાં ઉદાર હાથે સહાય કરીને હંમેશા સંસ્થાની આ સેવાકીય પ્રવુતિને અવિરત રાખવામાં ખુબ જ મદદરૂપ થઈને આ સેવા યજ્ઞને અવિરત ચાલુ રાખવામાં અવિરત સહકાર આપેલ છે. દર વરસથી જેમ આ વરસે પણ સંસ્થા દ્વારા મકરસંક્રાતિ નીમીતે દાન સ્વીકારવા માટે યોગીજી ખાતે રાવટી ઉભી કરેલ છે. ગૌશાળા દ્વારા આ પવિત્ર દિવસે દરેક ધમપ્રેમી જનતાને તેમની શકિત મુજબ દાન કરવા માટે અપીલ કરવામાં આવે છે. આપના એકમાત્ર સહકારથી ચાલતી સંસ્થાને આ વરસે પણ દર વરસની જેમ આપ મદદરૂપ થશો જ એવી આશા છે. સંસ્થાને પોતાની આવકના કોઈ કામયી સ્ત્રોત નથી. સમાજ જે સાથ-સહકાર મળી રહેલ છે તેના થકી જ આ વિશાળ સેવાયજ્ઞ ચાલી રહેલ છે તો આ વરસે પણ આપના તરફથી આ સેવા યજ્ઞમાં આપના દાનરૂપી આહુતી આપીને આ સેવા યજ્ઞને ચાલુ રાખવા આપનો સહકાર આપશો એવા સહકારની અપેક્ષા છે.

## આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઇ તોગડીયા દ્વારા

## કુંભમેળામાં ૩૦ સ્થાનો ઉપર ભોજન વ્યવસ્થા કરવામાં આવી : યાત્રીકો માટે ધાબળા વિતરણ

**કુંભમેળાનાં યાત્રીકોને જરૂરી તમામ મદદ કરતા હિંદુ પરિષદનાં કાર્યકરો**



અમરેલી, આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયા દ્વારા તા.૧૩-૧-૨૫ નાં પ્રયાગરાજ કુંભ મેળામાં ૩૦ સ્થાન ઉપર ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં યાત્રીકો માટે ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં વિદેશી તિર્થયાત્રીકોએ ભોજન પ્રસાદ લીધો હતો. આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ, રાષ્ટ્રીય મહામંત્રી દેવેશ જી.ઉપાધ્યાય, ઈશ્વરી પ્રસાદ રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી, રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, ઈન્ડીયા હેલ્પલાઈન રાષ્ટ્રીય મહામંત્રી હેમંતભાઇ, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત મહામંત્રી રાષ્ટ્રીય બજરંગદળ જગદીશભાઈ વાડોદરીયા, જામનગર વિભાગ સંગઠન મંત્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, ભાવનગર વિભાગ અધ્યક્ષ શ્રી દેસાણી, મહેશભાઈ સોલંકી સહિતના આગેવાનોએ સેવા આપી હતી.

## શહેરમાં આવેલ માધવ સ્મશાન ખાતે

## બગસરામાં ૫. ૫૦ લાખનાં ખર્ચે બનેલ શેડ અને મશીનરીનું લોકાર્પણ કરાયું

**શ્રી વિવેકસ્વરૂપ સ્વામી અને ધારાસભ્યશ્રી કાકડીયાનાં હસ્તે લોકાર્પણ**



બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરા સાતલડી નદીના કાંઠે આવેલ માધવ સમસાન ખાતે માધવ સ્મશાન સેવા સમિતિને તન મન અને ધનથી સેવા આપનાર મુખ્યદાતા સ્વ.કમળાબેન દામોદરદાસ ખીમાણી પરિવાર અને લોકભાગીદારીથી ૫.૫૦ લાખના ખર્ચે ત્યાર થયેલ લાકડા ફાડવાના મશીન સહિત પતરાના સેડ બનાવવામાં આવ્યા જેનું લોકાર્પણ બગસરા શ્રીજૂનાંસ્વામી નારાયણ મંદિરના મહંત પૂ.શ્રીવિવેકસ્વરૂપ સ્વામી, જુના વાઘણીયા ગૌસેવા મંડળ મહંત તેમજ ધારી બગસરાના ધારાસભ્ય જે.વી.કાકડિયાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં રાજકીય તેમજ સહકારી ક્ષેત્રના આગેવાનો તેમજ બગસરા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ વી રિબડિયા બગસરા શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણી બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર બગસરા શહેર ભાજપ પૂર્વપ્રમુખ ધીરુભાઈ કોટડીયા તાલુકા પંચાયત સદસ્ય અશ્વિન કોરાટ બગસરા કોંગ્રેસ અગ્રણી નાગભાઈ ધાધલ બગસરા સુંદરકાંડ પરિવારના ચંદ્રહાસભાઈ બસિયા બગસરા લેઉવા પટેલ સમાજ પ્રમુખ રમેશભાઈ સુવાગીયા બગસરા સમસાન સેવા સમિતિના જયસુખભાઈ મેર અમિતભાઈ ભરખડા સંજયભાઈ વ્યાસ હિરેનભાઈ ભાયાણી કૌશિકભાઈ સેહદાણી પીન્ટુભાઈ પરમાર રવિભાઈ વેગડા મુકેશભાઈ સુદાણી સંદીપભાઈ પરમાર સહિતના મહાનુભાવો તેમજ સંતો મહંતો હાજર રહ્યા હતા લોકાર્પણ બાદ સમસાનમાં શ્રી સુંદરકાંડ પરિવાર દ્વારા સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યા હતુ અને બાદમાં અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો અને બગસરાના ધારાસભ્ય જે વી કાકડીયા દ્વારા સમસાનના વધુ કામગીરી માટે પાંચ લાખની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી હતી આ કાર્યક્રમનું સંચાલન શિવલાલભાઈ ઠુંમર કરેલ અને આભાર વિધિ બગસરા સમસાન સેવાસમિતિના અમિતભાઈ ભરખડાએ કરેલ હતી.

## માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત

## ધારીમાં રોડ સેફ્ટી સેમિનાર યોજાયો

**જિલ્લા ટ્રાફિક શાખા અને આરટીઓનું સંયુક્ત આયોજન**



ધારી, (ઉદય ચોલેરા) ૧ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી દરમિયાન નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૫ ની ઉજવણી કરવાનું નક્કી થયેલ છે. અંતર્ગત તા.૧૫/૦૧/૨૦૨૫ બુધવારના રોજ અમરેલી એ.આર.ટી.ઓ. તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા ધારી માર્કેટીંગ યાર્ડ (APMC) ખાતે રોડ સેફ્ટી સેમીનાર નું આયોજન કરવામાં આવેલ. જેમાં એગીકલ્ચર ટ્રેકટર અને સનેડા તેમજ છકડા રીક્ષા મળી કુલ ૬૦ જેટલા વાહનો પર રેડીયમ રીફલેકટર વિનામૂલ્યે લગાવી આપેલ, જેથી એગ્રીકલ્ચર વાહનો રસ્તા પરથી પસાર હોય અને રસ્તા પર લાઈટ ન હોય તેવા રસ્તા પરના વાહનો દુરથી જોઈ શકાય અને અકસ્માત ટાળી શકાય. વધુમાં ઓવરસ્પીડમાં વાહનો ન ચલાવવા તેમજ રોંગ સાઈડમાં વાહન ન ચલાવવું, રસ્તાની સાઈડમાં વ્હાઈટ પટ્ટાની અંદર વાહન પાર્ક કરવું. વધારાની ર્ન્ઈઘ લાઈટ દુર કરવી જેવા સુચનો ખેડૂતો અને વાહન ચાલકોને કરવામાં આવ્યાં હતાં.

## રાજુલા શહેરમાં અબોલ પશુ અને પક્ષી બચાવો અભિયાન કાર્યક્રમ યોજાયો

**જન જાગૃતિ અભિયાન અંતર્ગત મંતવ્યો રજુ કરાયાં**



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા અંબાજી મંદિર ખાતે અબોલ પક્ષી બચાવો અભિયાન કાર્યક્રમ રાજુલા પુર્વ ચિરાગ બી જોષી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પક્ષી માળા તથા કુંડા વિતરણ જન જાગૃતિ અભિયાન વિષય સાથે યોજાયેલ જેમાં મંદિર મહંત શ્રી કનુબાપુ ગોંડલીયા અંબાજી મંદિર ભક્તો ગૃપ જોડાયા હતા માં અંબાજી માતા પ્રાગટ્ય દિવસ હોય માતાજી પુંજા અર્ચના કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યું હતો કાર્યક્રમ સફળ નિલ સંઘવી જશુભાઈ દવે સાહિત્ય કાર દ્વારા ઉઠાવી હતી કાર્યક્રમ આયોજક ચિરાગ બી જોષી દ્વારા જણાવાયું હતું કે ચાઈનીઝ દોરી બહિષ્કાર સ્કુટર સેપ્ટી ગાર્ડ અંબોલ પક્ષી ધાયલ ન થાય તે તકેદારી રાખવા અપીલ કરી હતી સાક્ષી ટાંક દ્વારા જણાવાયું કે પંગત ચગાવવા માં પક્ષીઓ બચાવો તકેદારી ધાર દાર દોરી ન કરવા જન જાગૃતિ અભિયાન અંતર્ગત મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા માળા કુંડા વિતરણ કરવામાં આવ્યું હતું.

## અમરેલી સારહી તપોવન આશ્રમમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

**શ્રી ઋષીભાઇ જોષી અને વંદનાબેન જોષી, આનંદભાઇ ભટ્ટે આહુતિ આપી**



અમરેલી,સારહિ યુથ ક્લબ ઓફ - અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૧૨/૦૧/૨૦૨૫ નાં રોજ શ્રી ઋષીભાઈ એમ. જોષી, શ્રીમતી વંદનાબેન ઋષીભાઈ જોષી, તથા શ્રી આનંદભાઈ ભટ્ટ, ને સહ પરિવાર ગાયત્રી યજ્ઞ માં બેસવાનો લાભ મળેલ અને યજ્ઞ વિધી કરેલ, સાથોસાથ સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓએ પણ યજ્ઞ મા આહુતિ આપી હતી. ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અમરેલી થી ગાયત્રી યજ્ઞ કરાવવા માટે શ્રીમતી ગીતાબેન બાવીશીએ સેવા આપી હતી. સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી નાં પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી તથા સારહિ પરિવાર દ્વારા, જોષી પરિવાર નો હૃદય પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

## કુંડલા સરકારી કન્યાશાળાની વિદ્યાર્થીનીઓએ આઇસીઆઇસીઆઇ બેંકની મુલાકાત લીધી

**બેકીંગ સર્વિસ અંગે કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ કામગીરીની માહિતી મેળવી**



અમરેલી,સાવરકુંડલા મણીભાઈ ચોકરાઉન્ડ ખાતે આવેલ સરકારી શાળા નંબર બે કન્યા શાળાની વિદ્યાર્થીનિ ઓએ સાવરકુંડલા સ્ટેશન રોડ ખાતે આવેલ આઈ.સી.આઈ.સી. ની મુલાકાત લીધી હતી અને બેંક માં થતી વિવિધ કામગીરી વિશે માહિતી મેળવી હતી.બેંક મુલાકાત કાર્યક્રમ યોજ્યો હતો જેમાં આઈ.સી.આઈ. સી.આઈ. બેંક સાવરકુંડલાના બ્રાન્ચ મેનેજર નિશાંક ગોસ્વામી સાહેબ અને ડેપ્યુટી બ્રાન્ચ મેનેજર શૈલેષભાઈ વાઘેલા દ્વારા બેંકમાં અપાતી સેવાઓ વિશે વિદ્યાર્થીનિ ઓને બેન્કની તમામ સેવાઓની વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનાં જવાબ આપવામાં આવ્યાં હતાં આ સમગ્ર કાર્યક્રમ માટેની જરૂરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન કન્યાશાળાના આચાર્ય ભારતીબેન રાઠોડ અને શિક્ષકો દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું બેંક ના રીલેશનશિપ મેનેજર રવિભાઈ ઉપાધ્યાય અને કેશીયર હરેશભાઈ વ્યાસ દ્વારા સાચી ખોટી નોટોની ઓળખ, પૈસા ગણવા માટે ના મશીનો, લેવડ દેવડ, ચેક ઉપાડ જમા ટ્રાન્સફર, હોમ લોન, કાર લોન, ગોલ્ડ લોન, પર્સનલ લોન, એકાઉન્ટ વિશે, બેલેન્સ પૂછપરછ, ચેક ડિપોઝિટ, ફંડ ટ્રાન્સફર, સિનિયર સીટીઝનો માટે અગ્રતા સાથે ઝડપી કામગીરી, એ.ટી.એમ. મશીન વગેરે બાબતે ની સચોટ ખ્યાલ માહિતી આપવામાં આવી હતી.

## વિશ્વાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સમસ્ત મુસ્લિમ સમાજ રાજુલા દ્વારા

## રાજુલામાં ત્રીજો સમુહ શાદી સમારોહ યોજાશે

**ભવ્યાતિ ભવ્ય સમુહ શાદીનાં કાર્યક્રમ માટે આયોજકો દ્વારા થઈ રહેલી તડામાર તૈયારીઓ**

રાજુલા, રાજુલામા વિશ્વાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ-ટ્રસ્ટ તથા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ત્રીજો સમુહ શાદી સમારોહ તા.૧૯-૧-૨૫ રવિવારે સવારે ૯ વાગ્યે આહીર સમાજ ગેઈટ પાસે સાવરકુંડલા રોડ રાજુલા ખાતે યોજાશે.આ સમુહ શાદી કાર્યક્રમમા ૫૦ યુગલો નિકા કબુલ કરશે.આ પ્રસંગે મુસ્લિમ સમાજના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહી મુબારક બાજી પાઠવશે.સમુહ શાદીના દાતા અને આયોજક શ્રી આહીદભાઈ મહેબુબભાઈ જોખીયા (વિશ્વાસગૃપ) દ્વારા જણાવાયું છે.આ સમારોહ માટે વિશ્વાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. તેમ જણાવ્યું છે.

## ખાંભામાં મકરસંક્રાંતિ પર્વે કીટ વિતરણ કરાઇ

અમરેલી,ખાંભા ખાતે ગ્રીન ગ્રુપ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને દાતાઓના સાત સહકારથી મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે ખાંભા શહેરના અલગ અલગ વિસ્તારોમાં જરૂરિયાતમંદ અને નિરાધાર લોકો અને બાળકોને ને ખજૂર ડાળીયા મમરા મોહન થાળ ગાંઠીયા સહિતની વસ્તુઓ ની કીટ વિતરણ કરવામાં આવી હતી. સેવા કાર્યમાં જોડાયેલા પૂર્વ સરપંચ અમરીશભાઈ જોશી, રાજુભાઈ વાળા, ભાવિકભાઈ કલસરિયા, હરેશભાઈ વરિયા, રમેશભાઈ માંડવીયા, વિનુભાઈ ચાવડા તેમજ તમામ સભ્યો સેવા કાર્યમાં સહકાર આપ્યો હતો.

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર ૧૮૪ (મીની) ટ્રેક્ટર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય
● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ તા.૧૭-૦૧-૨૦૨૫ શુક્રવાર

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી.

રાજ્ય અને દેશમાં સુશાસન પણ બાબરામાં ભાજપનાં કુશાસનથી ત્રાહીમામ પોકારતી બાબરાની જનતા : ધારાસભ્ય જાગો

# બાબરા પાલિકામાં ભયંકર ભ્રષ્ટાચાર : શહેરની હાલત બદતર

## સાજા પુલ તોડી નવા પુલ બનાવાયા : ગામનાં બ્લોક હોદ્દેદારોનાં વાડી-ખેતરોમાં પહોંચ્યાં : સભ્યોનાં ઘર પાસે ઝળહળતી લાઇટો : ગામમાં અંધારા

બાબરા, (દિપક કનૈયા)

અમરેલી જિલ્લામાં નાનામાં નાના શહેરમાં પણ નગરપાલિકાનું કામ કમસે કમ ૫૦ ટકા તો સારૂ હોય છે પરંતુ બાબરામાં નગરપાલિકા દ્વારા ૧૦ ટકા પણ કામ કરવામાં ન આવતુ હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે. અને રાજ્ય અને દેશમાં સુશાસન પણ બાબરામાં ભાજપનાં કુશાસનથી ત્રાહીમામ પોકારી

(અનુ. પાના નં. ૨)

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું) આયોજીત
વિનામુલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા.૧૬-૧-૨૦૨૫ થી તા.૨૨-૧-૨૦૨૫
કાયચિકિત્સા વિભાગ | સ્ત્રીરોગ વિભાગ | બાળરોગ વિભાગ
શાલક્ય વિભાગ | શલ્ય વિભાગ | આયુર્વેદિક પંચકર્મ વિભાગ
પેરાલીસીસ, સાંધાના દુખાવા, જુના સ્નાયુના દુખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ-અમરેલી
દવા તદ્દન ફ્રી આપવામાં આવશે

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

SAMBHAAV HOSPITAL
સમભાવ ન્યુરોસાઇક્રીયાટ્રી કિલનીક
માનસિક રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત
ડો. અંકિત એચ. મોગા M.B., D.P.M. (Pcy.)
ઉપલબ્ધ સુવિધાઓ
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો. ધડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
અપોઇમેન્ટ માટે મો.૭૫૬૭૨ ૭૬૩૬૯

અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
POLO PLUS CONTAINERS
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૭૬ ૦૭૬૯૬

Sheetal
POWER OF PROTEIN
Sheetal Malai PANEER

બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ-અમરેલી
24x7 ઈમરજન્સી સેવાઓ ચાલુ છે.
ડો.અશોક એન.પરમાર M.D. MEDICINE

SUZUKI
YEAR END BONANZA
Access 125 | Avenis | Burgman Street | Gixxer SF | Gixxer
EXTENDED WARRANTY 10 YEARS | EXCHANGE OFFER UP TO ₹10000 | LOAN UP TO 100% | CASHBACK OFFER UP TO ₹12000 | NO HYPOTHECATION
જલારામ સુઝુકી | ચિતલ રોડ, અમરેલી.

R V STONEX
THE INTERIOR STUDIO
Stone • Tiles • Kitchen • Bathware • Furniture
WE ARE OPEN AT AMRELI
Kalinga Stone | SPECTA | PORCEKO | NEOTRA | STONELAM
1st Floor, Swarnim Complex, Amreli Bypass Rd, Opp.Yamaha Showroom, Amreli
+91 92271 77003

શાશ્વત
Hemato-Onco Associates
Quality Care with Compassion
શુક્રવારે
તારીખ :-૧૭/૦૧/૨૦૨૫
સમય: બપોરના ૦૩:૦૦ થી ૦૫:૦૦
ડો.વિવેક વેણુગોપાલ
MBBS, MS, DNB, Mch surgical Oncology
રાઘવેન્દ્ર હોસ્પિટલ કેરીયા રોડ, અમરેલી
શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ સ્પેશ્યાલીટી હોસ્પિટલ

HONDA
2024
સ્ટોક ક્લિયરન્સ ઓફર
₹ 10,000/-* DISCOUNT
HORNET 2.0 | SP160
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૭૯૨૨૨ ૩૨૩૨૨

શુધ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું
શુધ્ધ અને પ્યોર તો દેવું છે
માણસનું જીવન તંદુરસ્ત કરવું છે.
અને હા વળી, G-20 નું તો ખરૂ જ,
બસ એ માટે પ્યોર શીંગતેલ ખવડાવવુ છે.
અને ત્રીજું ડબલ ફીલ્ટર્ડવાળુ જ આપવુ છે.
બારેમાસ ભરવાલાયક
સમ્રાટ અશોક
MFG & MARKETING by :
ક્રિષ્ટી ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫/૬, જી.આઇ.ડી.સી., હનુમાનપરા રોડ, અમરેલી મો.૯૪૨૬૯ ૬૩૬૩૩